**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**
**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

# ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - દ્વિતિયખંડ

**પ્રશ્નપત્ર - ૧**

**(સમય : સવારે ૯ થી૧૨)** **રવિવાર, ૨ માર્ચ, ૨૦૧૪** **કુલ ગુણ : ૧૦૦**

**☞ અગત્યની સૂચના ☜**

**પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ -પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.**

**(વિભાગ-૧ 'વચનામૃત' નવી આવૃત્તિના આધારે)**

**અભ્યાસક્રમના વચનામૃતઃ** કારિયાણી : ૧૦, ૧૧, ૧૨ ગ.મ. ૨, ૭, ૧૧, ૧૨, ૧૩, ૧૬, ૨૨, ૨૮, ૩૩, ૪૭, ૫૧, ૫૫, ૫૯, ૬૧, ૬૩

**પ્ર.૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

**૧. ભગવાનના ભક્તને સર્વ વાતની સિદ્ધિ ક્યારે થશે ? (મ.૨૨/૪૧૧)**

જ. ભગવાનના ભક્તને ભગવાનની મૂર્તિરૂપી ચિંતામણીને ઝાલી રાખવી પણ તેને મૂકવી જ નહીં તો સર્વ વાતની સિદ્ધિ થશે.

**૨. જીવ અજ્ઞાને કરીને કોને પોતાનું રૂપ માને છે ? (મ.૨/૩૫૩)**

જ. અજ્ઞાને કરીને જીવ ઈન્દ્રિયો-અંતઃકરણને પોતાનું રૂપ માને છે, પણ વસ્તુગત્યે જીવ ઈન્દ્રિયો- અંતઃકરણ થકી નોખો છે.

**૩. મહારાજને શા માટે વાત કરવી છે ? (મ.૧૩/૩૮૨)**

જ. આ સર્વે સંત તથા હરિભક્ત છે તેમાંથી એ વાત કોઈને સમજાઈ જાય તો તેના જીવનું અતિ રૂડું થાય,' તે સારુ મહારાજને વાત કરવી છે.

**૪. કા.૧૦ પ્રમાણે કલ્યાણનું પરમ કારણ શું છે ? (કા.૧૦/૨૪૦)**

જ. ભગવાનને વિષે જ એક કર્તાપણું સમજવું એ જ કલ્યાણનું પરમ કારણ છે.

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચારથી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૪)**

**૧. કા.૧૦ પ્રમાણે શ્રીજીમહારાજના કયા વચનને પરમ સિદ્ધાંત કરી માનવાં ? (કા.૧૦/૨૪૨)**

જ. અમારો તો એ જ ઈશક છે ને એ જ સિદ્ધાંત છે જે, 'તપે કરીને ભગવાનને રાજી કરવા ને ભગવાનને સર્વેના કર્તાહર્તા જાણીને અને સ્વામીસેવકને ભાવે કરીને તે ભગવાનની ભક્તિ કરવી. અને કોઈ રીતે તે ભગવાનની ઉપાસના ખંડન થવા દેવી નહિ.' માટે તમો પણ સર્વે આ વચનને પરમ સિદ્ધાંત કરી માનજ્યો.

**૨. જીવને બળ પામવાના ઉપાય લખો. (મ.૬૩/૪૭૯-૪૮૦)**

જ. સાંખ્યના મતને અનુસરીને એક દૃષ્ટા એવો જે પોતાનો આત્મા તે આત્માપણે રહેવું પણ ઈન્દ્રિયો-અંતઃકરણ ભેળું ભળવું નહી. એવી રીતે સત્તારૂપે રહેતાં થકાં એનો જીવ બળને પામે છે. ભગવાન ને ભગવાનના જે સંત તેને વિષે જેને પ્રીતિ હોય, ને તેની સેવાને વિષે અતિશય શ્રદ્ધા હોય, ને ભગવાનની નવધા ભક્તિએ યુક્ત હોય, તેના જીવને તો તત્કાળ અતિશય બળ આવે છે. માટે જીવને બળ પામવાને અર્થે ભગવાન ને ભગવાનના ભક્તની સેવા બરોબર બીજો કોઈ ઉપાય નથી.

**૩. શ્રદ્ધા કેવી રીતે વૃદ્ધિ પામે - દૃષ્ટાંત સાથે સમજાવો. (મ.૧૬/૩૯૪)**

જ. જો ભગવાનનું માહાત્મ્ય જણાય તો મંદ શ્રદ્ધા હોય તે પણ વૃદ્ધિને પામે. જેમ પાણી પીવાનું વાસણ મૃત્તિકાનું હોય તેમાં સહજે જ પ્રીતિ થાય નહીં અને તે પાત્ર જો સુવર્ણનું હોય તો તેમાં સહજે જ પ્રીતિ થાય; તેમ ભગવાનનું તથા

ભગવાનની કથા-કીર્તનાદિકનું માહાત્મ્ય જણાય તો સહજ સ્વભાવે જ ભગવાનમાં તથા કથા-કીર્તનાદિકમાં શ્રદ્ધા વૃદ્ધિ પામે છે. માટે જે પ્રકારે ભગવાનનું માહાત્મ્ય સમજાય તે ઉપાય કરવો ને જો એ ઉપાય કરે તો શ્રદ્ધા ન હોય તો પણ શ્રદ્ધા થાય છે અને જો મંદ શ્રદ્ધા હોય તો તે વૃદ્ધિને પામે છે.

**૪ જેને વૈરાગ્ય ન હોય તે શો ઉપાય કરે ત્યારે વિકાર ટળે ? (મ.૭/૩૬૩)**

જ. વૈરાગ્યહીન હોય તે તો કોઈ મોટા સંત હોય તેની અતિશય સેવા કરે અને પરમેશ્વરની આજ્ઞામાં જેમ કહે તેમ મંડ્યો રહે. પછી પરમેશ્વર તેને કૃપાદૃષ્ટિએ કરીને જુએ જે, 'આ બિચારો વૈરાગ્યરહિત છે, તેને કામ-ક્રોધાદિક બહુ પીડે છે, માટે એના એ સર્વે વિકાર ટળો; તો તત્કાળ ટળી જાય અને સાધને કરીને તો બહુકાળ મહેનત કરતાં કરતાં આ જન્મે ટળે અથવા બીજે જન્મે ટળે. અને તરત જે વિકારમાત્ર ટળે તે તો પરમેશ્વરની કૃપાએ કરીને ટળે.

**પ્ર.૩ નીચે આપેલાં દૃષ્ટાંતોમાંથી કોઈ પણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચાર થી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૩)**

**નોંધ : સિદ્ધાંત મૌલિક રીતે લખવાનો હોવાથી અહીં આપેલા જવાબ સિવાયનો સિદ્ધાંત પરીક્ષાર્થીએ લખેલો હોય તો તે દૃષ્ટાંતને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૨ ગુણ દૃષ્ટાંતના અને ૧ ગુણ સિદ્ધાંતનો આપવો.**

**૧. પાતાળ સુધી પૃથ્વી ફાટ્યાનું (મ.૪૭/૪૫૨)**

**દૃષ્ટાંતઃ** જેમ પાતાળ સુધી પૃથ્વી ફાટી હોય તેને પાણીએ કરીને ભરવા માંડીએ તે ક્યારેય ભરાય નહીં, તેમ ઇન્દ્રિયો છે તેને ક્યારેય વિષય થકી તૃપ્તિ થઈ નથી ને થશે પણ નહીં. માટે હવે તો વિષયની આસક્તિ ને ત્યાગ કરીને અને સાધુ જેમ વઢીને કહે તેમ ગુણ લેવો પણ અવગુણ લેવો નહીં.

**સિદ્ધાંત :** આપણે માનીએ કે આટલું ભોગવી લઈએ પછી છોડીને ભગવાન ભજીશું પણ વિષયની તૃપ્તિ ક્યારેય થતી જ નથી. માટે તેની આસક્તિનો ત્યાગ કરી સંત વઢે તો ગુણ લઈએ તો જ વિષયોમાંથી વૃત્તિ પાછી વળે.

**૨. સોનીની પેઢીનું (મ.૫૫/૪૬૩-૪૬૪)**

**દૃષ્ટાંત :** 'આપણ તો દેહ થકી પણ પૃથક્ આત્મા છીએ પણ દેહ જેવા નથી.' અને વળી અંતરમાં એમ વિચાર રહ્યા કરે છે જે, આત્માને વિષે રખે રજોગુણ, તમોગુણ આદિક કોઈક માયાનો ભાગ ભળી જાય નહિ ! તેને ઘડીએ ઘડીએ તપાસતા રહીએ છીએ, જેમ સાડાસોળવલું કંચન હોય ને તેને સોનીની પેઢીએ લઈ જાય અને જો ધણીની લગારેક નજર ચૂકે, તો સોની સોનું કાઢી લઈને તેમાં રૂપું ભેળવી દે, તેમ આ હૃદયરૂપી તો સોનીની પેઢી છે. અને તેમાં માયારૂપી સોની છે. તે પોતે બેઠો થકો સંકલ્પરૂપી જે હથોડો તેના અખંડ ટચટચ ટચકા મારતો રહે છે. અને જેમ સોનીનાં છોકરાં-સ્ત્રી હોય તે પારસી કરીને તેને હાથ આવે તો કાંઈક સોનું ચોરી જાય, તેમ ઇન્દ્રિયો-અંતઃકરણ એ સર્વે માયારૂપે જે સોની તેનાં છોકરાં-સ્ત્રી છે. તે કંચનરૂપ જે ચૈતન્ય તેને વિષે ત્રણ ગુણ તથા પંચવિષયમાં આસક્તિ તથા દેહાભિમાન તથા કામ, ક્રોધ, લોભાદિક એ રૂપ જે સાધુ તેને ભેળવીને જ્ઞાન-વૈરાગ્યાદિક ગુણરૂપ જે સોનું તેને કાઢી લે છે. અને જે સોનામાંથી સોનું કાઢીને રૂપું ભેળવે, તો તે સોનું બારવલું થઈ જાય છે.

**સિદ્ધાંત :** આપણે સોનીની ઉપર ગમે તેટલી નજર રાખીએ પણ સોની આપણી નજર ચૂકવીને તેમાંથી સોનું કાઢી લઈ રૂપું ભેળવી જ દે છે. તેમ આપણે ગમે તેટલા જાગ્રત રહીએ પણ માયા રૂપી સોની આપણામાં રજોગુણ, તમોગુણના ભાવ ભેળવી જ દે છે. માટે આપણે સતત જાગ્રત રહી અંતઃદૃષ્ટિ કરતા જ રહેવું જોઈએ અને માયાના ભાવ જેમ જેમ ભળતા જાય તેમ તેમ દૂર કરતા રહેવું જોઈએ.

**૩. મથુરા જતાં શ્રીકૃષ્ણના નેત્ર સામે જોતા ગોપીઓ બીનિયો (કા.૧૧/૨૪૩)**

**દૃષ્ટાંત :** ગોપીઓને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે પ્રીતિ હતી, તો જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન મથુરા જવા તૈયાર થયા ત્યારે ગોપીઓ સર્વે મળીને એમ વિચાર કર્યો જે 'આપણે કુટુંબની તથા લોકની લાજનો ત્યાગ કરીને ભગવાનને જોરાઈએ રાખીશું.' પછી ચાલવા સમે શ્રીકૃષ્ણ ભગવાનનાં નેત્ર સામું જોયું ત્યારે ભગવાનની રહ્યાની મરજી દેખી નહીં, ત્યારે સર્વે ડરીને છેટે રહિયો અને અંતરમાં એમ બીનિયો જે, 'જો આપણે ભગવાનના ગમતામાં નહીં રહીએ તો ભગવાનને આપણા ઉપરથી હેત ઊતરી જશે.' એમ વિચારીને કાંઈ કહી શકિયો નહીં.

**સિદ્ધાંત :** જેને જેનામાં પ્રીતિ હોય તેની મરજીમાં જ રહે છે. તેની મરજી આંખના ઈશારામાં જ સમજી જાય છે. ક્યારયે મરજી વિરુદ્ધનું આચરણ કરતા નથી.

**પ્ર.૪ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણ થી ચાર લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધ : (૧) સમજૂતિ મૌલિક રીતે લખવાની હોવાથી અહીં આપેલા જવાબ સિવાયની સમજૂતિ પરીક્ષાર્થીએ લખેલી હોય તો તે પ્રસંગને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૧ ગુણ સંદર્ભનો અને ૧ ગુણ સમજૂતિનો આપવો. (૨) ઉકેલપત્રમાં આપેલા સંદર્ભ સિવાય અભ્યાસક્રમમાં આવતા વચનામૃતમાંથી બીજો કોઈ પણ સંદર્ભ પરીક્ષાર્થીએ લખેલ હોય અને તે વિષયને અનુરૂપ આવતો હોય તો તેના ગુણ કાર્યાલયનું ધ્યાન દોરીને મૂકવા. જ્યાં બે સંદર્ભ આવતાં હોય ત્યાં કોઈ પણ એક સંદર્ભ અને તેને અનુરૂપ સમજૂતિ લખી હોય તો તેના પૂરા ગુણ આપવા.**

**૧. નિષ્કુળાનંદ સ્વામીએ જીહ્વા ઈન્દ્રિયને દંડ દેવા માટે પુરુષાતન રાખીને ખૂબ મરચાં ખાધા. (મ.૧૨/૩૮૦)**

**સંદર્ભ :** માટે જેને પરમ પદ પામવા ઈચ્છવું તેને કાંઈક પોતાને વિષે પુરુષાતન રાખવું પણ છેક નાદાર થઈને બેસવું નહીં. **સમજૂતિ :** દેહની અંદર પ્રવર્તી રહેલી જીવ સત્તાને ઓળખવી અને એ સત્તાએ કરીને શૂરવીર થવું પણ ઈન્દ્રિયોના દોર્યા દોરાઈ જવું નહિ.

**૨. શ્રીજીમહારાજને જ્યારે પૂછવામાં આવ્યું, 'તમે કોની માળા ફેરવો છો ?' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, 'અમે અમારા ભક્તોની માળા ફેરવીએ છીએ.' (મ.૨૮/૪૨૦)**

**સંદર્ભ :** જેનો જેટલો ગુણ મારા મનમાં જણાઈ જાય છે તેટલો તેનો ગુણ આવે છે. અને મારે તો એ જ અંગ છે જે, જો ભગવાનનો ખરેખરો ભક્ત હોય તો હું તો તે ભગવાનના ભક્તનો પણ ભક્ત છું અને હું ભગવાનના ભક્તની ભક્તિ કરું છું. **સમજૂતિ :** ભગવાનના ભક્તની સેવા કરવાનો ઝીણાભાઈનો ગુણ મહારાજના મનમાં જણાઈ આવ્યો તો ઝીણાભાઈ ધામમાં ગયા ત્યારે મહારાજે તેમની નનામી ઉંચકી, તે ભક્ત પ્રત્યે પોતાની ભક્તિ અદા કરી.

**૩. સીતાજીએ લક્ષ્મણરેખાની મર્યાદા ઓળંગી તેથી તેમને દુઃખ આવ્યું. (મ.૫૧/૪૫૮)**

**સંદર્ભ :** (૧) મોટાપુરુષની બાંધેલ જે મર્યાદા તેને લોપીને કોઈ સુખી થતો નથી. (૨) માટે સત્પુરુષની આજ્ઞા પ્રમાણે જે રહે છે તે જ રૂડા દેશકાળાદિકને વિષે રહ્યો છે અને જે સત્પુરુષની આજ્ઞાથી બહાર પડ્યો તે જ તેને ભૂંડા દેશકાળાદિકનો યોગ થયો છે. (૩) પરમેશ્વરના કરેલ ધર્મ તે પ્રમાણે જ ગ્રંથમાં લખ્યું હોય તેમાં કોઈ રીતે બાધ આવે એવું ન હોય ને સુખે પળે એવું હોય ને તેથી ઓછું - અધિક કરવા જાય, તે કરનારો જરૂર દુઃખી થાય. **સમજૂતિ :** મોટા પુરુષની આજ્ઞા કોઈ કાળે લોપવી નહિ. આજ્ઞાલોપથી દુઃખ જ આવતું હોય છે.

**૪. જે ઘી ખાવાથી રોગ થયો હોય તે જ ઘી વૈદ્યની માત્રા ભળતાં રોગ થકી મુક્તિ અપાવે છે. (મ.૧૧/૩૭૯)**

**સંદર્ભ :** ભગવાનના ભક્તની ને વિમુખ જીવની ક્રિયામાં તો ઘણો ફેર છે. કેમ જે વિમુખ જે જે ક્રિયા કરે છે તે પોતાનાં ઈન્દ્રિયોને લાડ લડાવવાને અર્થે કરે છે ને ભગવાનનો ભક્ત જે જે ક્રિયા કરે છે તે તો કેવળ ભગવાન ને ભગવાનના ભક્ત તેની સેવાને અર્થે કરે છે. માટે હરિજનની જે સર્વે ક્રિયા તે તો ભક્તિરૂપ છે. **સમજૂતિ :** વૈદ્યની માત્રા ભળવાથી જે ઘી રોગનું કારણ હોય છે. તે જ ઔષધિ બનીને રોગથી મુક્તિ અપાવે છે. તેમ જે ક્રિયા બંધનનું કારણ છે. તે જ ક્રિયા જો ભગવાનને રાજી કરવાના અનુસંધાનથી કરે છે. તેથી તે ક્રિયા ભક્તિરૂપ બને છે અને તે ક્રિયા બંધનકારી બનવાને બદલે મુક્તિનું કારણ બને છે.

**પ્ર.૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો. (કુલ ગુણ ૬)**

**નોંધ : વચનામૃત ક્રમાંક ન લખ્યો હોય તો ચાલે.**

૧. અને એ અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન છે તે જ સર્વે અવતારનું કારણ છે અને સર્વે અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે. (મ.૧૩/૩૮૫)

૨. ભગવાનના સંતની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે પણ થોડા પુણ્યવાળાને મળતી નથી. માટે ભગવાનના સંત સાથે એવું હેત રાખવું જેવું હેત સ્ત્રી ઉપર છે કે પુત્ર ઉપર છે, કે માબાપ ને ભાઈ ઉપર છે, તેવું હેત રાખવું, તો એ હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે. (ગ.મ.૫૯/૪૭૦)

૩. જે ત્યાગી હોય તે જ્યારે દેશ-પરદેશમાં જાય ને ત્યાં કનક-કામિનીનો યોગ થાય તોય પણ તેમાં ફેર પડે નહિ અને પોતાના જે જે નિયમ હોય તે સર્વે દૃઢ કરીને રાખે, તે સર્વે ત્યાગીમાં મોટેરો કહેવાય (મ.૬૧/૪૭૪)

**વિભાગ - ૨ : ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર ભાગ ૨, ૩ તથા ૪ નવી આવૃત્તિના આધારે**

**(ભાગ-૨- ઉદ્‌ગીથ : ૧૧, ૧૪, ૧૭, ૧૯, ૨૦, ૨૫, ૨૬, ૨૮, પરિશિષ્ટ-૧ ભાગ - ૩, ઉદ્‌ગીથ : ૧, ૨, ૪, ૬, ૮, ૯, ૧૦, ૧૪, ૧૫ ભાગ - ૪ ઉદ્‌ગીથ : ૩, ૪ અને ૫ આધારે)**

**નોંધ :-(૧) પ્રશ્ન : ૬ થી ૯ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ, ઉદ્‌ગીથ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.**

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.**

**૧. શ્રીજીમહારાજનું ઐશ્વર્યદર્શન :**

૧. લાડુદાન કવિ - પ્રભુનાં અવતારોના સ્વરૂપનું દર્શન વર્ણનના છંદો સાંભળતા - શ્રીહરિની મૂર્તિમાંથી અવતાર પ્રગટ - પાછા લીન થયા તે દર્શન. ૨/૧૧/૧૪૨
૨. કાનદાસને અસંખ્ય વિમાનો દેખાય છે. ૨/૧૪/૧૯૭
૩. વરતાલમાં મહારાજે જણાવેલ પ્રૌઢ પ્રતાપ. ૨/૧૪/૨૦૫
૪. વાંદરા પાસે માળા ફેરવાવી - ચોપાઈ બોલાવી - વાંદરાનું સ્વરૂપ વિશાળ થતું બતાવ્યું. ૨/૧૪/૨૦૭
૫. બુધેજમાં પાણીનું તળ નીચું ગયું હતું છતાં વીરડો ખોદાવી પાણી કઢાવ્યું. પાણીનું સુખ લોકોને કરાવ્યું. ૨/૧૪/૨૧૨
૬. નરસિંહ મહેતાના ઓટા પરના બાવાને સમાધિમાં નરસિંહ મહેતા શ્રીજીમહારાજની સ્તુતિ કરે છે તેવા દર્શન. ૨/૧૭/૨૫૬
૭. શ્રીહરિના સ્વરૂપમાંથી ત્યાગીઓના વૃંદોનાં દિવ્ય દર્શન. ૨/૧૭/૨૬૦-૨૬૧
૮. ભુજમાં અન્નકૂટ સમયે બે સ્વરૂપે દર્શન. ૨/૨૦/૩૨૮
૯. મહારાજ અઢાર સ્વરૂપ ધારણ કરે છે. ૨/૨૮/૪૭૭
૧૦. ભીમાસરના ગરાસિયાને પોતાના સ્વરૂપમાંથી ચોવીસ અવતારનાં દર્શન. ૩/૧/૨-૩
૧૧. હમીર સરોવરમાં દિવ્ય દર્શન અને પ્રત્યક્ષ થાળ (હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ દ્વારા) આરોગતા દર્શન. ૩/૧/૨૧-૨૨
૧૨. યજ્ઞ માટેની સામગ્રી દિવ્ય રીતે આવી. ૩/૨/૫૦-૫૧
૧૩. અનેકરૂપે જોબનને મહારાજના દર્શન. ૩/૨/૫૪-૫૫
૧૪. ઘીના કુંડલા ખાલી હતા તે ભરાઈ ગયા. ૩/૨/૫૬-૫૭
૧૫. જોબનપગીનું પરિવર્તન - તથા પ્રભાતગરને મહારાજના સ્વરૂપનો નિશ્ચય. ૩/૨/૬૨-૬૫
૧૬. સોરઠના હરિભક્તોને દિવ્ય દર્શન. ૩/૨/૭૦-૭૧
૧૭. કંડોરડામાં બ્રાહ્મણોની ચોરાશીમાં ઐશ્વર્ય. ૩/૪/૧૦૨
૧૮. શેષ ભગવાને સહસ્ત્રધારા મહારાજ પર પ્રસારી હોય તેવા દર્શન. ૩/૪/૧૧૨
૧૯. વજીબાને દિવ્ય દર્શન. ૩/૪/૧૨૧

| | | |
|---|---|---|
| ૨૦. | શોભારામ ચાર દિવસમાં આંધળો થયો. | ૩/૪/૧૨૬ |
| ૨૧. | અલૈયા ખાચરને ઐશ્વર્ય બક્ષ્યું. | ૩/૬/૧૫૮-૧૫૯ |
| ૨૨. | રીસાયેલા ઈન્દ્રને વરસવું પડ્યું. | ૩/૬/૧૭૬-૧૭૭ |
| ૨૩. | નગા બાબરિયાને વિરાટ સ્વરૂપનાં દર્શન. | ૩/૧૦/૨૮૧ |
| ૨૪. | દેહા ખાચરની રક્ષા. | ૩/૧૦/૨૮૭-૨૯૧ |
| ૨૫. | વિરાટના હિંડોળે | ૩/૧૪/૩૬૯ |
| ૨૬. | લાડુ કૈસે ખૂટેગા. | ૪/૩/૪૪-૪૫ |
| ૨૭. | શ્રીહરિનાં અનેક સ્વરૂપે દર્શન. | ૪/૫/૮૦-૮૩ |
| **૨.** | **શાંતિ તો શ્રીજીમહારાજના ચરિત્રોમાં જ છે.** | |
| ૧. | અંતરનું નિરાકરણ કરવા માટે મુક્તાનંદ સ્વામીનો મહારાજને પ્રશ્ન : 'શાંતિ કેમ થાય ?'' | ૩/૧૪/૩૬૩ |
| ૨. | મુક્તાનંદ સ્વામીનો પ્રશ્ન સાંભળી મહારાજને થયેલું આશ્ચર્ય. | ૩/૧૪/૩૬૩ |
| ૩. | મહારાજે પોતાના જન્મથી લઈને અનેક પ્રકારના ચરિત્રોની વાત કરી. | ૩/૧૪/૩૬૪-૩૬૫ |
| ૪. | નિત્યાનંદ સ્વામીનો મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન :- 'તમારા દર્શનથી મહારાજને શાંતિ થઈ તો તમને મહારાજના સંબંધથી શાંતિ થતી નથી ?' | ૩/૧૪/૩૬૪ |
| ૫. | મુક્તાનંદ સ્વામીનો ફરીથી એ જ પ્રશ્ન મહારાજને. | ૩/૧૪/૩૬૪ |
| ૬. | મહારાજની ગુજરાતમાં ફરવા જવાની આજ્ઞા. | ૩/૧૪/૩૬૪ |
| ૭. | નિત્યાનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામી વચ્ચે ચર્ચા - 'શાંતિ તો એક નારાયણના ચરણાવિંદમાં જ છે.' મહારાજના ચરિત્રો ગાવા ને સાંભળવા તેમાં જ શાંતિ છે. | ૩/૧૪/૩૬૫ |
| ૮. | મુક્તાનંદ સ્વામીની દૂર થયેલી અશાંતિ. | ૩/૧૪/૩૬૫ |
| ૯. | મહારાજને બંને સદ્‌ગુરુઓ રાત્રે જ ફરીથી મળ્યાં. - મહારાજે આપેલો બોધ. | ૩/૧૪/૩૬૫ |
| **૩.** | **ક્ષમાધર્મના ધારક અને પ્રવર્તક - શ્રીજીમહારાજ** | |
| ૧. | ક્ષમા એ તમારું ખડગ અને ધીરજ એ ઢાલ છે. - મુક્તાનંદ સ્વામી અને સંતોને - પાંચસો સંતોને પરમહંસ દીક્ષા. | ૨/૧૭/૨૬૦ -૨૬૧ |
| ૨. | તુમ ક્યા જીવનમુક્તા હૈ ? બાવાનો પ્રશ્ન - 'તમારાં ભાગ્ય જાગે ત્યારે આ હાથની પ્રસાદી જમવા આવજો.' | ૨/૨૦/૩૦૭ |
| ૩. | આજે ફૂલ કેમ ન મોકલ્યા ? મહારાજ પ્રત્યે જગજીવનનો દ્વેષ વધ્યો. | ૨/૨૦/૩૦૯-૩૧૦ |
| ૪. | મહારાજ જગજીવનના યજ્ઞમાં પધાર્યા. | ૨/૨૦/૩૧૦-૩૧૩ |
| ૫. | જેતલપુરના યજ્ઞમાં વામાચારી બ્રાહ્મણો દ્વારા વિઘ્ન નાખવાના પ્રયત્નો - લાડવા નાખી દીધા - છતાં મહારાજ દ્વારા ક્ષમા - નઠારાં કર્મોથી મોક્ષ બગાડે - પરંતુ તેમનું હિત થાય તેવું ચિંતવન કરવું. | ૨/૨૫/૪૨૬-૪૨૮ |
| ૬. | પેશ્વાના સૂબાનું કાવત્રું (દેવાનંદ સ્વામીને શાપ આપતાં રોક્યા) | ૨/૨૬/૪૪૦-૪૪૪ |
| ૭. | વામાચારી બ્રાહ્મણ મહારાજને મારવા આવે છે. - તેને મારશો નહિ - ભેખ તો એવા જ હોય. | ૨/૨૮/૪૬૧-૪૬૨ |
| ૮. | તેના કૃત્ય સામે ન જોયું. તેમના કૃત્યો જ તેમને જેર કરશે. - જગજીવન ગંગારામ મલ્લને ત્યાં આરબ મોકલે છે. | ૩/૧/૨૭-૩૦ |
| ૯. | તારા સ્વામિનારાયણને પહેલા મારા આરબોના દર્શન થશે - મહારાજ વીસનગરમાં - લાલદાસ મહારાજને નમે છે. | ૩/૪/૧૨૨-૧૨૬ |
| ૧૦. | સત્સંગીઓને નાત બહાર કરનાર શોભારામ - ચાર દિવસમાં અંધ - મહારાજ મળવા જવા તૈયાર. | ૩/૪/૧૨૬ |
| ૧૧. | નાજા જોગિયાના ઢીંચણ ભાગવા તૈયાર થયેલા વાસુરખાચરની ડેલીએ મહારાજ - વાસુર ખાચર ભક્ત બને છે. | ૩/૪/૧૩૨-૧૩૪ |
| ૧૨. | વાસુરખાચરને થયું કે જે રાજા અને પ્રજા બંનેને ધર્મ તરફ વાળે, અનીતિ છોડાવે તે ભગવાન - ક્ષમાના ખડગ વડે ભૂમિનો ભાર હરવો છે - ક્ષમા રાખજો - ઉશ્કેરાશો નહિ. | ૪/૩/૪૭-૫૩ |
| ૧૩. | આણંદમાં વિરોધનો વંટોળ | ૪/૩/૪૮-૫૩ |

**પ્ર.૭ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮) નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. સદાચારના હિમાયતી શ્રીજીમહારાજ**

૧. આતતાયીઓ આગળ અહિંસા એ નામર્દાઈ છે. ૨/૧૪/૨૦૩-૨૦૪

૨. ધર્મ કરવાને અર્થે પણ ચોરી ન કરવી. (પગીઓને આપેલો ઉપદેશ) ૨/૧૪/૨૦૪

૩. જોબન પગીને આગળ બોલાવો. ૩/૨/૬૧

૪. જોબન ભક્ત આજે જન્મે છે. - ધર્મ એ ન્યાત-જાત કે ઊંચ-નીચની ગણના કરવાનો વાડો નથી. જોબનના નિયમ-ધર્મ-કાયાપલટ ૩/૨/૬૨-૬૩

૫. વાણીનો દોષ - સોમબા ફૂઈ દગડચોથના દિવસે ગાળો બોલ્યા - મહારાજને ગમ્યું નહિ - ચાલી નીકળવા તૈયાર - સોમબા ફૂઈની ખૂબ જ વિનંતી. આજીજી - અંતરથી પશ્ચાત્તાપ - મહારાજ પીગળી ગયા. ૩/૧૪/૩૫૨-૩૫૮

૬. મૂળુખાચર અફીણ ફેંકી દે છે. ૨/૧૪/૨૦૬

૭. પડી વસ્તુ કોઈની હાથે ન ઝીલે. ૩/૧/૧૨-૧૩

૮. શૂરવીર હરિભક્તોમાં ક્ષમાશીલતા અને સાધુતાના દર્શન કરાવ્યાં. (આણંદનો પ્રસંગ) ૪/૩/૫૨

**૨. શ્રીજીમહારાજનો દાદાખાચર પ્રત્યેનો પ્રેમ**

૧. દાદાખાચર મહારાજની પૂજા કરે છે. ૩/૨/૪૫

૨. દાદા હું તને મૂકીને કયાંય જઈ શકું નહિ. ૩/૯/૨૬૪-૨૬૫

૩. દાદાના દરબારમાં રંગોત્સવ. ૩/૯/૨૬૮-૨૭૦

૪. ભગવાન પ્રત્યેની ભક્તિ અપરિમિત છે. - દીપાવલિ તથા અન્નકૂટ પ્રસંગે. ૩/૧૦/૨૮૪-૨૮૫

૫. દાદાના દરબારમાંથી મહારાજ રિસાયા - દાદાના પ્રેમથી રહેવા તૈયાર થયા. ૩/૧૪/૩૫૨-૩૫૫

૬. ગુજરાતની ભક્તિ - ગઢપુરમાં વસંતોત્સવ ૩/૧૪/૩૭૧-૩૭૩

૭. દાદા વગર અમારાથી પણ નહિ રહેવાય ૩/૧૫/૪૧૩-૪૧૪

**૩. શ્રીહરિનાં નારી ભક્તરત્નો ('ગુજરાત તરફ પ્રયાણ' અને 'ભાદરાથી બે પત્રો લખ્યા - કચ્છમાં વિચરણ'ના જ પ્રસંગો)**

૧. બોચાસણમાં નાનીબાને મહારાજ - 'તમારા હાથના રોટલા ખાધા છે તેમનું પણ કલ્યાણ.' ૨/૧૪/૧૯૭-૧૯૮

૨. જમનાબા કઢીમાં મીઠું નાખવાનું ભૂલી ગયાં - છતાં મહારાજને તેમાં જમનાબાની ભક્તિનો અપૂર્વ સ્વાદ. ૨/૧૪/૨૧૦

૩. કલ્યાણદાસના માતા દેવુબાઈ - દીકરાને સાધુ થવા સોંપી દીધો. ૨/૨૦/૨૯૪

૪. કલ્યાણદાસની નવી પરણેતર સાસુના પગમાં પડી - ભેગા રહીશ - મનખો સુધારી - તમારા સંગે તેના ઓળા અંતરમાંથી નીકળી જશે. (જન્મોજન્મના નરક) ૨/૨૦/૨૯૬

૫. નિરાવરણ દૃષ્ટિવાળાં સદાબાનો પ્રગટ સ્વરૂપના દર્શનની ઝંખનાનો સાદ સાંભળી મહારાજ કેરામાં પધાર્યા. - મહારાજની અનુવૃત્તિમાં જ ભક્તિનો આનંદ. ૨/૨૦/૩૧૫

૬. ખૈયાની મા 'હી નિંગરો સહજાનંદ આય ને ઉપર બેઠો હી નાય.' - માને ઓળખ થતાં ખૈયાને કરાવી. (ખૈયાની જ્ઞાનગુરુ તેની મા હતી.) ૨/૨૦/૩૨૩

૭. ભૂજ અન્નકૂટોત્સવ : આ.સં. ૧૮૬૪ પાકશાળાની તમામ દેખરેખ સૂરજબાને સોંપી સેવામાં જોડાયેલી અન્ય સ્ત્રીઓએ બધી સામગ્રીઓ વ્યવસ્થિત ગોઠવી દીધી. ૨/૨૦/૩૨૬

૮. પકવાનો, સ્ત્રીઓનો ઉત્સાહ, ભક્તિભાવથી પ્રસન્ન મહારાજ - પુરુષો-સ્ત્રીઓ બંને સભામા અન્નકૂટ.૨/૨૦/૩૨૬

**નોંધ : આ પધ્ધતિ પ્રમાણે પૂછેલા પ્રશ્નના અનુસંધાનમાં ઉપર આપેલા પ્રસંગો જ માન્ય ગણાય પણ આ પધ્ધતિ પ્રમાણે પ્રથમ વખત જ પ્રશ્ન પૂછાતો હોવાથી પરીક્ષાર્થીએ નીચે આપેલા પ્રસંગોમાંથી પણ કોઈ પ્રસંગો લખ્યા હોય તો તેને માન્ય રાખી પૂરા ગુણ આપવા.**

૧. જેતલપુરની ગણિકા યજ્ઞ માટે ઘઉં દળીને પાવન થઈ ગઈ. ૨/૨૫/૪૧૮-૪૧૯

૨. પુત્રભાવે જેતલપુરના ગંગામાના લાડનું સુખ લેતા શ્રીજીમહારાજ. ૨/૨૫/૪૨૯
૩. મહારાજ ગણિકાને ઘેર પધાર્યા. ૨/૨૫/૪૩૫
૪. વહેલાલમાં વખતબાને ઘેર - અમને સંતાડી દો. - મહારાજનું મનુષ્ય ચરિત્ર - છતાં દિવ્યતા ભક્તિભાવ તેમના પ્રત્યે એવો ને એવો જ. ૨/૨૮/૪૭૫
૫. કરણીબાનું અંતર મહારાજના ચરણારવિંદમાં વાગેલ કાંટા જોઈ દ્રવી ગયું. - ડભાણની લીલાના દર્શન ઘેર બેઠા જ કરાવવાનું મહારાજે વચન આપ્યું. ૩/૨/૩૨
૬. તમે ભગવાન છો ? - મહારાજ જગજીવન દિવાનના પત્ની પ્રભાવતીના માફામાં બેસી ગંગારામ મલ્લને ઘેર ગયા. ૩/૧/૨૫-૨૬
૭. મહારાજ ડભાણમાં છતાં કરણીબાને દિવ્ય સ્વરૂપે દર્શન. ૩/૨/૭૦
૮. ભાદા પટેલના ધર્મપત્નીએ બ્રાહ્મણોની ચોરાસી માટે ઘરમાં રાખેલ સીધું આપી દીધું. ૩/૪/૧૦૧
૯. મહારાજ વિજાપુરમાં વજીબાને ત્યાં. ૩/૪/૧૧૬-૧૨૧
૧૦. મહારાજ રાણદેબા સાથે નેતરાં તાણે છે. ૩/૬/૧૮૨-૧૮૩
૧૧. સારંગપુરમાં બાઈ હરિભક્તોની ભક્તિથી રાજી થઈ મહારાજે આપેલ ફગવા. ૩/૮/૨૨૫-૨૨૭
૧૨. મહારાજનો દુષ્કાળ વખતે તપસ્વીનો વેશ જોઈ ભાદરામાં વશરામભાઈ ઓળખી ન શક્યા. જ્યારે તેમના પત્નીએ ઓળખી લીધા. ૩/૯/૨૬૩
૧૩. મામૈયા પટગરનાં માતુશ્રી રાઈબાએ મહારાજને વરવો વેશ (તપસ્વીનો) કાઢી નાખવા મીઠો ઠપકો આપ્યો. મહારાજે રાઈબાની ઈચ્છાને માન આપ્યું. ૩/૯/૨૬૮
૧૪. જયાબા તથા લલિતાબાનો ભક્તિભાવ ખૂબ જ - ઉમંગપૂર્વક સંતો હરિભક્તો મહારાજની સેવામાં. ૩/૧૦/૨૮૪-૨૮૫
૧૫. વાણીનો દોષ - સોમબા ફુઈ દગડચોથનાં દિવસે ગાળો બોલ્યા - મહારાજને ગમ્યું નહિ - ચાલી નીકળવા તૈયાર - સોમબા ફુઈની ખૂબ જ વિનંતી. આજીજી - અંતરથી પશ્ચાત્તાપ - મહારાજ પીગળી ગયા. ૩/૧૪/૩૫૨-૩૫૮
૧૬. અદીબાનો રસોઈ આપવાનો ભાવ જોઈ મહારાજે સંતોને જમ્યા છતાં બીજી વાર જમવાની આજ્ઞા - મહારાજે જાતે પીરસ્યું. માથે રેડ્યું. ૩/૧૪/૩૬૦
૧૭. મછિયાવમાં ફૂલદોલ ઉત્સવ - ફૈબાની ભક્તિ તો અનન્ય - પણ ભક્તિમાં સ્વભાવ વિઘ્ન ન કરે તેવો મહારાજે ઉપદેશ કર્યો. ૩/૧૪/૩૭૮-૩૭૯
૧૮. ધરમપુરના કુશળકુંવરબાની અનન્ય ભક્તિ. ૩/૧૫/૪૦૦
૧૯. ધરમપુરમાં મહારાજનું સ્વાગત. ૩/૧૫/૪૦૩
૨૦. રાજમાતાના હાથે ફોલેલ અણીશુદ્ધ ચોખા - સૌને બતાવી રાજમાતાની ભક્તિની પ્રશંસા. ૩/૧૫/૪૧૪-૪૧૫
૨૧. મોડી રાત્રે મહારાજને ભૂખ લાગી તો રાજમાતા જાતે જમાડવા પધાર્યા. ૩/૧૫/૪૧૭-૪૧૯
૨૨. વખતબાનું તપ - તેમના પ્રતાપે ટોપલામાંથી મહારાજે બધાને કેરીઓ વહેંચી છતાં ખૂટી નહિ. ૪/૩/૩૨

**પ્ર.૮ નીચે આપેલાં પ્રસંગોમાંથી કોઈ પણ <u>ત્રણ</u> પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખો. (કુલ ગુણ ૧૨)**

> **નોંધ : ૩ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યા કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.**

૧. **મહારાજ નવા પરમહંસોને દંડવત્ કરે છે. (૨/૨૦/૩૦૨-૩૦૫) પ્રસંગ :** મહારાજે અઢાર મોટેરા હરિભક્તોને પત્ર લખી તરત જ ઘર છોડી દીક્ષા લઈ ભુજ આવવાનું લખ્યું હતું. તે નવા પરમહંસો આજે ભુજ આવતા હતા. મહારાજ તેમના સામે ગયા. સુંદરજીભાઈ પણ મહારાજ સાથે ગયા. નવા પરમહંસોને દૂરથી જ જોઈને મહારાજ દંડવત્ કરવા લાગ્યા. સુંદરજીભાઈએ બધાને જોયા અને મહારાજને પૂછ્યું : 'આ સુરોખાચર પણ પરમહંસ બન્યા? ત્યારે મહારાજે કહ્યું : 'જેને જેને કલ્યાણની ગરજ હતી, અમને રાજી કરવા હતા. તે બધા આવ્યા છે. સુંદરજીભાઈનું મોં પડી ગયું. પોતે મહારાજને બંધિયામાં કહેલા શબ્દો યાદ આવી ગયા. તેમને મનમાં થયું કે હું તો રાજ્યનો

એક સામાન્ય કારભારી જ્યારે આ તો બધા ગામધણી. સંસાર મૂકીને સાધુ થઈ ગયા ! મને મારી મોટપનું માન આવી ગયું. જ્યારે આ બધા તો મોટપનું માન છોડી નિર્માની થઈને આવ્યા છે. મહારાજે અજા પટેલની ઓળખ આપતાં કહ્યું : 'ધ્રાંગધ્રા રાજ્યની કચેરીમાં એમની ખુરશી પડે એવા એ મોટા છે.' કલ્યાણદાસને જોતાં મહારાજે કહ્યું : 'તમારું નામ તો નો'તું લખ્યું.' ત્યારે અજા પટેલે કહ્યું : 'મહારાજ ! એ તો આદિમાં આવી ગયો. લગ્નના માંડવામાંથી આપનો કાગળ વાંચીને મીંઢળસોતો આવી ગયો.' સુરા, અલૈયા, માંચા, મામૈયા, અજા વગેરે ગામધણીને સાધુના સ્વાંગમાં જોયા. જેમને ઘેર સદાવ્રતો ચાલે, જેમની ડેલીએથી કોઈ નિરાશ થઈ પાછો જતો નથી. એવા શૂરવીર, દાનેશ્વરી, મહારાજના સખા મહારાજના એક પત્રથી જ સંસાર છોડીને અહીં આવી ગયા ! તેમની ભક્તિની આ પરાકાષ્ઠા હતી. સુંદરજીભાઈએ મહારાજના પગમાં કહ્યું : 'મહારાજ ! મને ક્ષમા કરો. આપના ઐશ્વર્યની, આ પ્રતાપની મને ખબર નથી. આપનો દાસ કહેવરાવી સાધુ થયો અને પાછો આપના વચને ભગવાં ઉતારી ગૃહસ્થ થયો. તેમાં મને માન આવ્યું હતું કે આવું તો હું જ કરી શકું, બીજાનું ગજુ નહિ. પરંતુ આજે આપે મને અંતર્દષ્ટિ કરાવી. આપના વચને આ રાજવીઓ, નવલોહિયો મીંઢળબંધો યુવાન સૌ ત્યાગી થઈ અહીં આવી ગયા. તે જોઈને મારું પાણી ઊતરી ગયું. આપ ખરેખર પુરુષોત્તમ નારાયણ છો, ધારો તે કરી શકો તેવા સમર્થ છો.' મહારાજે આ બધા હરિભક્તો આગળ વાત કરતાં કહ્યું : 'પૂર્વે શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવ અને અર્જુનને જ્ઞાન આપી કહ્યું હતું કે તમો બદરિકાશ્રમમાં જઈને તપ કરો પણ માન્યું નહિ. તેવું માયાનું બળ છે. પરંતુ આ સમયમાં અમારા એક પત્રથી જ અઢાર સદ્‌ગૃહસ્થો સંસાર છોડી પરમહંસની દીક્ષા લઈ અમને ભગવાન જાણી અત્રે આવીને મળ્યા એ અમારો કેટલો મહિમા જાણ્યો હશે તે કાંઈ કહી શકાતું નથી. મહારાજને સમજાવવું હતું કે 'જેના અંતરમાં આ સંસારના બંધનમાંથી છૂટી મોક્ષની તીવ્ર ઈચ્છા હોય, જેને પોતાના ઈષ્ટદેવનો અપ્રતિમ મહિમા હોય, તે રાજ્યનું કે મોટાઈનું બંધન છોડીને સંસારનો ત્યાગ કરી જ દે, પરંતુ જેના અંતરમાં જગમોટાઈ હોય તેનાથી મોક્ષમાર્ગે ચાલી શકાય જ નહિ. **મનન :** સત્સંગમાં કોઈપણ કાર્ય કરી પણ તેનું માન આવવા દેવું નહિ. ભગવાન અને સંત આપણું કોઈપણ પ્રકારનું માન રહેવા દેશે નહિ. સત્સંગમાં આપણા કરતાં પણ દરેક બાબતે ચઢિયાતા સત્સંગીઓ હોય છે. માટે ક્યારેય કોઈ પ્રકારનું માન આવવા દેવું નહિ.

૨. **મહારાજનું અંતર્યામીપણું કામમાં ન આવ્યું. (૩/૧૫/૪૧૯-૪૨૦) પ્રસંગ :** મહારાજ ધરમપુરમાં હતા. ત્યારે એક રાત્રે મહારાજને ભૂખ લાગતાં બ્રહ્મચારી રાજમાતા પાસે જાય છે. ત્યારે રાજમાતા જાતે બાજરાના રોટલા, દહીં અને અથાણું લઈ મહારાજને જમાડવા માટે આવ્યા. ત્યારે મહારાજે જમતાં જમતાં કહ્યું : 'રાજમાતા ! આ બ્રહ્મચારીએ અત્યાર સુધીમાં કોઈ દિવસ આવા સરસ રોટલા નથી બનાવ્યા. આજે કાંઈ તમારો હાથ ભળ્યો હોય તેવું રોટલા જોતાં દેખાય છે. બ્રહ્મચારીની મૂંઝવણ જોઈ રાજમાતાએ કહ્યું : 'મહારાજ ! બ્રહ્મચારી કહેતાં હતા કે હું જ્યારે મહારાજને સંભારીને રસોઈ બનાવું છું, ત્યારે મહારાજને તે બહુ મીઠી લાગે છે, પણ જ્યારે સારી રસોઈ બનાવવાનો વિચાર કરું છું ત્યારે મહારાજને તે ભાવતી નથી.' મહારાજે કહ્યું : 'બ્રહ્મચારી આજે પણ સ્વપ્નમાં અમને જમાડતા હતાં. તેથી એ સ્વપ્નના વેગમાં તેમણે રસોઈ બનાવી લાગે છે.' પછી બ્રહ્મચારીને કહ્યું : 'અમારું અંતર્યામીપણું આજે કામમાં ન આવ્યું. નહિ તો તમારો ભાવ જોઈને આ રસોઈ કોણે બનાવી છે. એ ખબર પડી જાત. રાજમાતાને પૂછવું ન પડત.' બ્રહ્મચારી ઢીલા પડ્યા એટલે રાજમાતાએ કહ્યું : 'ઝટ જમી લો. હજુ રાત ઘણી બાકી છે. આપ પોઢી જાવ. અમારે આવતી કાલની રસોઈના કામે ચડવાનું છે.' **મનન :** ભગવાન ભક્તવત્સલ છે. તે હંમેશા પોતાનાથી પોતાના ભક્તને અધિક બતાવે છે. ભક્ત આગળ હાર કબૂલી લે છે.

૩. **'ઈડરિયો ગઢ જીત્યા' (૪/૩/૫૧-૫૩) પ્રસંગ :** આણંદથી વરતાલ આવી જ્ઞાનબાગમાં સભા કરી મહારાજે કહ્યું : 'આજે આપણે સૌ જીતીને આવ્યા.' - ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : 'મહારાજ ! જીત્યા તો ખરા. આપણી જીતથી આણંદના ભક્તોએ આપણને ધૂળ, છાણ, ગારો, ઈંટાળા અને પથ્થરથી કેવા વધાવ્યા ! જાનૈયાઓને માંડવાપક્ષની ગાળો સાંભળ્યા પછી જમણ મળે છે. આપણે તો કેવળ ગાળો જ ખાધી. આજે તો જાણે ઈડરિયો ગઢ જીત્યા હોય એવું પરાક્રમ કરીને આવ્યા છીએ. જુઓ, આ મારા શરીર ઉપરનો ગુલાલ તો બે-ત્રણ દિવસ સ્નાન કરીશ ત્યારે જ જશે. આ વસ્ત્રો પણ ત્યારે જ ચોખ્ખાં થશે. તુંબડી અને પત્તર તો ફૂટી ગયાં છે પણ તે તો મહારાજની દયાથી મળશે.' તરત મૂળજી મારવાડીએ કહ્યું : 'મહારાજ ! આજે તો આપે અમારી લાજ ઘટાડી દીધી.' ત્યારે મહારાજે કહ્યું : 'અમારી આજ્ઞા પાળી એટલે તમારી લાજ ઊલટી વધી છે. લડ્યા હોત તો વેર બંધાત,

સરકાર કેદમાં નાખત, પણ જો ધીરજ રાખી તો અત્યારે કેટલી શાંતિથી બેઠા છીએ ! હવે તો તેમને જ સૌને પસ્તાવો થશે. આપણને તેડવા આવશે અને તેમાંથી કેટલાક સારા સત્સંગી થશે.' મહાપુરુષોનું કાર્ય માનવબુદ્ધિથી અગમ્ય જ રહે છે. આ પ્રસંગથી મહારાજે સ્વામિનારાયણના સંતોની સાધુતાનાં દર્શન કરાવ્યા, શૂરવીર હરિભક્તોની ક્ષમાશીલતા બતાવી અને અસુરોનો આસુરભાવ પ્રદર્શિત કરાવી દીધો. તેમને મન આ અપમાનનો પ્રસંગ ન હતો પણ સત્સંગની પ્રતિષ્ઠા અને ગૌરવનો પ્રસંગ હતો. **મનન :** ભગવાન અને ભગવાનના ભક્તને માન-અપમાન બંને પ્રસંગે એક જ ભાવ રહે છે. મહારાજના આ પ્રસંગથી માંડીને તમામ ગુરુ પરંપરાનું જીવન જોઈએ તો દરેકના જીવનમાં માન-અપમાનના પ્રસંગો આવ્યા છે પણ તેઓએ એ પ્રસંગે સમભાવ જ બતાવ્યો છે. તેમણે પોતાના આશ્રિતોમાં પણ આ ભાવના કેળવાય તેવા પ્રયત્ન કર્યા છે. મુક્તાનંદ સ્વામીએ પણ ગાયું કે 'માન અપમાન મેં એકતા, સુખ-દુઃખ મેં સમભાવ, અહીં કે સુખ અલ્પ હૈ, નહિ સ્વર્ગ લુચાવ.' માટે જ આપણે પણ અપમાનના પ્રસંગે સ્થિરતા રાખીએ તો ઘણા પ્રશ્નોનું નિરાકરણ થાય.

૪. **કોઈ દેખતા હો તો મારી સતાર લાવો. (૩/૯/૨૬૭-૨૬૮) પ્રસંગ :** મહારાજ કુંડળમાં બેઠા હતા. ત્યારે એકાએક બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : 'કોઈ દેખતા હોય તો મારી સતાર લાવો. આજે તો મહારાજને કીર્તન કરી રીઝવીએ.' ત્યારે મહારાજે કહ્યું : 'આ બ્રહ્માનંદ સ્વામી આમ કેમ બોલે છે ?' એટલે એક સંતે કહ્યું : 'રસકસ વગરના ભોજનથી કેટલાક સંતો રતાંધળા થયા છે. સાંજ પડે દેખતા નથી.' ત્યારે મહાનુભાવાનંદ સ્વામીએ કહ્યું : 'બીજા સંતો કદાચ રાત્રે દેખતા નહીં હોય પરંતુ મારા મંડળના સંતો તો દેખે છે.' ત્યારે મહારાજે પૂછ્યું : 'તમે ખટરસના નિયમ નથી રાખ્યા ?' ત્યારે તેમણે કહ્યું : 'મહારાજ ! અમે પણ ખટરસના નિયમ તો રાખ્યા હતા પણ અમને ડભાણના હરિભક્તો રોજ બડેલાની ભાજી ખવરાવતા, જેથી રતાંધળાપણું કદી ન આવે.' મહારાજે બ્રહ્માનંદ સ્વામીના શબ્દોનો મર્મ સમજી ગયા. અને સંતોને કહ્યું : 'હવે હમણાં ક્યાં જશો નહીં. અહીં હરિભક્તો રસોઈ આપશે. તમને સૌને અમારે ખૂબ જમાડવા છે.' સંતોની સેવા કરવાનો અવસર આવ્યો હોવાથી હરિભક્તો પણ રસોઈઓ આપવા તૈયાર થઈ ગયા. સંતો પણ પોતાના ધર્મ પ્રમાણે મિષ્ટ ભોજન મળતું હોવા છતાં તેમાં પાણી મેળાવીને જ જમતા. **મનન :** ભગવાન અને ભગવાનના સંત આગળ સમય અને પ્રસંગ જોઈને પોતાની તકલીફની રજૂઆત કરવી જોઈએ. રજૂઆત કરવાની રીતમાં પણ ફરિયાદનો સૂર ન હોવા જોઈએ. ભગવાન અને સંત જ્યારે જ્યારે તે તકલીફ દૂર કરે ત્યારે પણ તેના સુખમાં છકી ન જતાં પોતાના નિયમ ધર્મમાં સારધાર રહેવું જોઈએ.

૫. **સ્વામી ! રસ કેવો ? (૪/૩/૪૧-૪૪) પ્રસંગ :** રૂપરામ ઠાકરે રસ ને રોટલીની રસોઈ બનાવડાવી. - બ્રહ્મચારી થાળ ધરાવતાં હતા. ત્યારે મહારાજે રસમાં નાખવા ખાંડ માંગી - બીજા માણસોએ રસમાં ખાંડ નાખવાનો ચાલ નથી કહી ન આપી. - મહારાજ નૈવેદ્યનો થાળ જમી ગયા - સંતો-હરિભક્તો જમવા બેઠા ત્યારે મહારાજે ફરીથી ખાંડ માંગી પણ બીજા કામમાં રોકાયેલા રૂપરામ ખાંડ આપવાનું ભૂલી ગયા. - મહારાજે બધાને ખૂબ રસ જમાડ્યો - બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું રસ કેવો ? - માથાના મોવાળા ઊભા થાય એવો રસ - ગુણાતીતાનંદ સ્વામી : અમૃત જેવો. રૂપરામ ઠાકરનો ભાવ અને આપ સાક્ષાત્ પીરસો એટલે એમાં શું ખામી હોય - ચોગાનમાં મહારાજે કીર્તન ભક્તિ કરાવી - રૂપરામ ઠાકરે રસ ખાતાં ખબર પડી રસ ખાટો - મહારાજ પાસે આવી માંગેલી માફી - અમારા સંતોને જગતની ખટાશ ચડી ગઈ છે. એટલે તમારો રસ ખાટો લાગ્યો નથી. - મહારાજે સંતોને કરેલો પ્રશ્ન : - અમે તો આપનાં દર્શન કરતાં કરતાં જમ્યા એટલે સ્વાદની ખબર નથી. - રૂપરામે લીધેલો નિયમ 'હવે આખો જન્મારો ખાંડ ન ખાવી.' **મનન :** ભગવાન અને સંત જ્યારે કાંઈ માંગે ત્યારે લોકના રિવાજ વચ્ચે ન લાવતાં આપી દેવું જોઈએ - ભગવાન અને સંત હાજર હોય ત્યારે બીજા કામ ગૌણ કરી તેમને જ પ્રધાન રાખવા - જ્યારે ભગવાન અને સંત જે કાંઈ પણ આપે તેમાં કોઈ પણ જાતનો દોષ જોયા વગર લેવું જોઈએ. જમવામાં સ્વાદ તો મહારાજની મૂર્તિનો જ લેવો જોઈએ. ભૂલનું પ્રાયશ્ચિત કરવું જોઈએ.

**પ્ર.૯ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ <u>એક</u> પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ ૮)**

**નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તો બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.**

૧. **મૂળજી ભક્ત (ભાદરા)**

૧. આ મૂળજીમાં મીઠાસ ભરી છે. તેમની પાસે રહે તો જગતની કડવાશ ટળી જાય. ૨/૧૯/૨૮૨
૨. અમારી મૂર્તિ ભેગી આ મૂળજી મહારાજની મૂર્તિ પણ મોટા મંદિરોમાં સ્થપાશે, પૂજાશે. ૨/૧૯/૨૮૨-૨૮૩
૩. આજે શરદ પૂર્ણિમા છે અને અમારા અક્ષરધામનો જન્મદિવસ પણ છે. ૨/૧૯/૨૮૩
૪. મહારાજ : મા, મૂળજી જેમ અમને સંભારે છે તેમ અમે પણ મૂળજીને અખંડ સંભારીએ છીએ. ૨/૧૯/૨૮૪
૫. મહારાજ મૂળજી શર્માનો મહિમા કહે છે. ૨/૧૯/૨૮૫,૨૮૬
૬. અક્ષરનો મહિમા સમજાય ત્યારે પુરુષોત્તમનો મહિમા સમજાય. ૨/૧૯/૨૮૭-૨૯૦
૭. 'આ મૂળજીની ત્રિગુણાતીત સ્થિતિ છે. તેથી અમે તેમનું નામ 'ગુણાતીતાનંદ' પાડીએ છીએ. ૩/૨/૬૬-૬૭

**વ્યક્તિત્વ :** પરબ્રહ્મ અને બ્રહ્મમાંથી જ સર્વ સૃષ્ટિનું સર્જન થયું છે. તેમના વ્યક્તિત્વની ઓળખ તો તેઓ સ્વયં આપે તો જ થાય. બ્રહ્મની ઓળખ પરબ્રહ્મ અને પરબ્રહ્મની ઓળખ બ્રહ્મ આપે ત્યારે જ થાય. અહીં પ્રસંગે પ્રસંગે મહારાજે બ્રહ્મની ઓળખ આપી મૂળજીના સ્વરૂપને ભક્તો સમક્ષ છતું કરે છે. જ્યારે પરબ્રહ્મ જ પોતાના ધામરૂપ અક્ષરની ઓળખ આપે ત્યારે બાકી શું રહે ? મૂળજીએ પણ ઘનશ્યામના જનોઈ પ્રસંગે માતાને જનોઈના ગીત ગાવાનું કહીને મહારાજ સાથેની એકાત્મતા બતાવે છે.

૨. **રવજી સુથાર (૩/૧/૯-૧૨)** રવજી સુથાર બ્રહ્મમોહોલમાં જતા ને બીજાને પણ તેડી જતા - કચ્છમાં સત્સંગ કરાવવાની મહારાજની આજ્ઞા - ચાર વાનાં કરવાની ના - આજ્ઞા લોપી - સુંદરજીભાઈએ વાલજી સુથાર સાથે કાગળમાં વિગત લખી મોકલી -ગોપાળાનંદ સ્વામી 'આજથી જ તેની સિદ્ધિ ગઈ. હવે તે રંધો ને વાંસલો ફેરવતો થઈ ગયો. - રવજીના અંતરમાં પશ્ચાતાપ - હું અભાગિયો મહારાજનો સમોવડિયો થયો ! પૂર્ણ પુરુષોત્તમ નારાયણની સામે મેં હામ ભીડી છતાં દયાળુ મહારાજે હરભમને મારો વહેવાર સાચવવાની કરેલી ભલામણ - રાતનો વધેલો રોટલો બાંધીને સાંતી હાંકવા ન વધ્યો હોય તો પાણી પીને - સ્ત્રી કહે તેનાથી ઊંધું જ કરે - મહારાજે જ શીખવાડેલું - આમ ન કરે તેને માથે બે જમપુરી - રવજીના દેખતા આવી વાત ન થાય - સાધુ થવું છે ? - દીક્ષા આપી રામદાસ નામ રાખ્યું.

**વ્યક્તિત્વ :** મહારાજે કૃપા કરીને ઐશ્વર્ય તો આપ્યું અને ચાર વસ્તુ કરવાની ના પાડી હતી તો પણ તે કર્યું. મહારાજની કૃપા દૃષ્ટિ જતી રહી પણ બાળપણથી સત્સંગના યોગમાં હોવાથી અંતઃદૃષ્ટિ થઈ પશ્ચાતાપ કર્યો. મહારાજ આગળ નિષ્કપટ થયા તો મહારાજે ફરીથી સ્વીકાર્ય અને દીક્ષા આપી સાધુ કર્યા.

### વિભાગ - ૩ : 'યોગીજી મહારાજ' નવી આવૃત્તિના આધારે અને સામાન્ય જ્ઞાન નિબંધ

**પ્ર.૧૦ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૧૨)**

**૧. વાત્સલ્યમૂર્તિ**

૧. ભૂજ પ્રદેશમાં ગરીબ ખેડૂતની વિનંતી 'બાપજી મારી ઝૂંપડી પાવન કરો.' ભર બપોરે પધરામણીએ. ૧૩૭
૨. ઘાટકોપરના કિશોર સુરેશની વિનંતીથી તરત જ પધરામણીએ જવા તૈયાર. વીસ મિનિટ સુધી ટેક્ષીની રાહ જોતાં ઊભા રહ્યાં. ૧૩૮
૩. 'અમે તમને દર વર્ષે પ્રસાદ મોકલીએ છીએ. તે મળે છે ને ?' જેતપુરમાં ખોડપરાના રાજાભાઈ રાઠોડને. ૧૩૯
૪. 'જેઠાભાઈ, આજે અમે તમારો સંકલ્પ પૂરો કર્યો. હવે શ્રીજીમહારાજ બે વર્ષે તમને ધામમાં તેડી જશે.- જેઠાભાઈ પરબવાળાને. ૧૪૦-૧૪૧
૫. 'તમે જમી લ્યો. હું હમણાં આવું છું.' - સારીંગ ગામના હરિભક્તને ઘેર પધરામણીએ જતાં પહેલાં મોટા સ્વામીને. ૧૪૨
૬. 'મોટા સ્વામી, આપણે એને રાજી કરો. એનો પ્રેમભાવ તો જુઓ.' બોટાદ સ્ટેશને સાંધાવાળાને રાજી કરવા. ૧૪૧-૧૪૨
૭. 'આપણે સ્ટેશન માસ્ટરનો ભાવ પૂરો કરો. અહીં ઠાકોરજીને જમાડી લઈએ. સારંગપુર સંદેશો મોકલી આપીએ.' - મોટા સ્વામીને. ૧૪૨
૮. શાસ્ત્રીજી મહારાજની ૧૦૨મી જન્મ જયંતી પ્રસંગે લકવાગ્રસ્ત વૃદ્ધને પાસે બોલાવી આશીર્વાદ આપ્યા. ૧૪૨
૯. ઘોઘાવદરના હરિભાઈના પ્રેમને વશ ગાય-ભેંશને બાંધવાની જગ્યામાં ઉતારો કરી ભાવ પૂરો કર્યો. ૧૪૩
૧૦. રાજકોટના હરિભક્તોને ગુરુપૂજનનો લાભ આપવા માટે વર્ષોવર્ષ ગુજરાતથી રાજકોટ જતાં ને તરત પાછા ગુજરાત આવતા. ૧૪૩

૧૧. ગામડાંના પ્રેમી ભક્તોને યાદ કરી મુંબઈથી પત્રો લખ્યાં. ૧૪૪
૧૨. સાધુ મૂંઝાય તો તેની મૂંઝવણ ટાળવાના છેક સુધી ઉપાયો કરતા. ૧૪૪
૧૩. બોટાદની ટીકીટ કેન્સલ કરાવી જસદણ ઈશ્વરભાઈને આશ્વાસન આપવા પહોંચી ગયા. ૧૪૫
૧૪. નરનારાયણ મંદિરના હજૂરી સેવક આત્મારામભાઈને નવા પંખાની તથા ફળોની વ્યવસ્થા કરી આપી. ૧૪૫
૧૫. અમદાવાદના ખોડા ભગતની ખબર જોવા વી.એસ. માં ગયા. ૧૪૫-૧૪૬
૧૬. 'બે શું અમે પાંચ દાદરા પણ ચડી જાશું.' ડૉ. રમણભાઈને. ૧૪૬
૧૭. 'તમે અક્ષર સ્વામીની સેવા કરો એમાં અમે બહુ રાજી છીએ.' બાલમુકુંદ સ્વામી 'તમે તો ગુણાતીતમૂર્તિ છો.' - અક્ષર સ્વામી. ૧૪૬
૧૮. 'આજનો આવેલો હોય ને વીસ વરસ માંદો રહે તો પણ નભાવવો.' ૧૪૭
૧૯. વિચરણમાં વિનુભાઈની પિચોટી ઠેકાણે આણી. ઘી, ગોળ અને સૂંઠનો પિંડો બનાવી ખવડાવ્યો. ૧૪૭
૨૦. માંદા પડેલા યુવક વિનુભાઈના પગ દબાવવા બેઠા. ૧૪૭-૧૪૮
૨૧. 'તમે સૂઈ જાવ. માથું દાબવા દ્યો. સવારે તાવ ઉતરી જશે. ચિંતા કરશો નહીં.' અમદાવાદના યુવક જગદીશભાઈ ત્રિપાઠીને. ૧૪૮-૧૪૯
૨૨. 'તમે ભાવપૂર્વક સેવા કરી છે તેથી અમે તમારા ઉપર બહુ રાજી છીએ.' ગોવિંદભાઈના બરછટ હાથથી સ્વામીશ્રીને લોહીના ટશિયા ફૂટ્યા ત્યારે માફી માંગતા ગોવિંદભાઈને કહે છે. ૧૪૯
૨૩. 'મારા ચંપલ પહેરો. ભગવાનના ભક્તને ઊઘાડા પગે ન જવા દેવાય.' સારંગપુરમાં હકાભાઈને. ૧૪૯
૨૪. કંપાલાના યુવક મહેન્દ્રભાઈને ગોદડું પાથરી આપી સૂવાડી ઓઢાડીને ગયા - પુરુષોત્તમપુરામાં. ૧૪૯
૨૫. 'તમે ખાવાનું શરૂ કરી દ્યો. અને તમારે ફરીથી જે જોઈતું હોય તે હું લાવી આપીશ.' 'ડાહ્યોગાંડાને.' ૧૫૦
૨૬. 'તે પ્રસાદ માંગે છે. તો તેને પ્રસાદ આપી આવો.' પેટલાદ સ્ટેશને ગાંડા માણસ માટે. ૧૫૦
૨૭. 'પહેલાં ચૂની ભગત પાસેથી પોટલાં લઈ લો.' અડવાળના રસ્તે ચાલતાં ચાલતાં હરિભક્તને. ૧૫૧
૨૮. 'લે ! ઈ તો હું સમજ્યો જ નહોતો. તમારે અહીં જ જમવાનું હોય.' મોરબીના જગજીવનભાઈને. ૧૫૧

**૨. સામે પૂરનાં તારણ**

૧. ચચાણામાં ગડદા પાટુનો માર - 'શરીર પ્રસાદીનું થયું' કેવી વિરલ દૃષ્ટિ ?' ૬૩
૨. સુંદરિયાણાથી નીકળેલા સંતોને મારઝૂડ. ૬૪
૩. કેરિયામાં ખૂબ મારઝૂડ - હરિભક્તોની ફરિયાદ કરવાની ઈચ્છા યોગીજી મહારાજ કહે 'સ્વામિનારાયણ આપણા ઈષ્ટદેવ એમના સાધુ પર ફોજદારી ન થાય.' માન અપમાન થાય તો પણ તેના માટે રૂડા સંકલ્પો જ કરવા. ૬૪-૬૫
૪. કેરિયાના કટુ અનુભવની વાત - સ્વમુખે. ૬૬
૫. કલકત્તા જૂના મંદિરે અપમાન - આપણે દર્શને ગયા તે થઈ ગયા. ૬૭-૬૮
૬. જૂનાગઢ મંદિરના સંતો દ્વારા અપમાન - સાક્ષાત્ ગુણાતીત સ્થાનના એ તો આપણા માથાના મુગટ. ૬૮-૬૯
૭. તેમને ખબર પડે કે જોગી મારી બાજુમાં બેઠો હતો, તો એક હાથ જમીન ખોદાવી નાખે. ૬૯
૮. મિથ્યા આક્ષેપોના જવાબનો ખરડો ફાડી નંખાવ્યો, ટરોરોમાં વિરુદ્ધમાં છપાયેલી પત્રિકા સામે દૃષ્ટિ સુદ્ધાં ન કરી, ભવિષ્યમાં આપણી બુદ્ધિ ન બગડે તે માટે ચેતવ્યા. ૭૦
૯. અડવાળથી નારાયણ ધરે યોગીજી મહારાજને મારવાના આશયથી - છતાં યોગીજી મહારાજ કંઈ બોલ્યા વગર નીકળી ગયા. ૬૨
૧૦. ધોલેરા નજીક સોઢી ગામમાંથી નીકળી જવું પડ્યું. ૬૨-૬૩
૧૧. જૂના મંદિરના સંતો દર્શન ન કરવા દે મોં મચકોડે છતાં દરવાજાને સ્પર્શ કરીને મનમાં દર્શન કરી લેતા. ૬૮

**૩. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ વચ્ચેનો સંબંધ.**

૧. 'જોગીને આવી રીતે તગારાં ન ભરી આપો' - ભક્તિવલ્લભ સ્વામીને. ૪૧
૨. 'જોગી દેહને બહુ કારસો આપો છો ! આવું કષ્ટ વેઠવું રહેવા દો' - શાસ્ત્રીજી મહારાજ કોસીન્દ્રામાં. ૪૧

૩. સારંગપુર મંદિરની મૂર્તિઓ લઈ આવેલા યોગીજી મહારાજને છાતી સરસા ચાંપી અત્યંત પ્રસન્નતા બતાવી અલૌકિક સુખ આપ્યું. ૪૨
૪. શાસ્ત્રીજી મહારાજ પણ તેમને લાભ આપવા સારંગપુર પધારતા અને ત્યાંથી પોતાની સાથે ગામડે લઈ જતા. ૪૩
૫. ડુંડાસ ગામમાં શાસ્ત્રીજી મહારાજે પોતાના લાડીલા સંત યોગીજી મહારાજને જમાડેલો દૂધપાક. ૪૩-૪૪
૬. ભાવનગરમાં જયંતિભાઈ આગળ - આપણને તો શાસ્ત્રીજી મહારાજ મળ્યા છે અને મોક્ષનું દ્વાર મનાયા છે તેથી કલ્યાણ થઈ જ ગયું છે. ૧૧૭
૭. જુદા જુદા અવસરે શાસ્ત્રીજી મહારાજનો મહિમા કહેતા. ૧૨૦
૮. ૮૦ મી જન્મ જયંતીએ 'સ્વામિનારાયણ પ્રકાશમાં ગુરુ ગુણ.' ૧૨૧
૯. પ્રાકટ્ય સ્થાન મહેળાવમાં શાસ્ત્રીજી મહારાજની આરસની પ્રતિમાની પ્રતિષ્ઠા. ૧૨૨
૧૦. શાસ્ત્રીજી મહારાજનો જન્મ શતાબ્દી મહોત્સવ - મારા ગુરુની જયંતિ ઉજવાય અને હું કેમ બેસી રહું. ૧૨૨-૧૨૩
૧૧. મહેળાવ ગુરુચરણમાં પ્રાર્થના. ૧૨૩
૧૨. શાસ્ત્રીજી મહારાજ વારંવાર યોગીજી મહારાજને લાભ આપવા સારંગપુર પધારતા. ૧૨૬
૧૩. શાસ્ત્રીજી મહારાજ કોઈપણ નિમિત્ત શોધીને યોગીજી મહારાજ ચાણસદ આવે ત્યારે પોતે પણ ચાણસદ આવી જતા. ૧૨૬
૧૪. જોગીથી તો જરાય જુદા ન પડીએ એવું થાય છે. ૧૨૬-૧૨૭
૧૫. અહો ! જોગી તે જોગી - આજ જોગીને સંભાર્યા અને શાંતિ શાંતિ થઈ ગઈ. ૧૨૭
૧૬. જોગી મહારાજને જેવો વ્યવહાર ચલાવતાં આવડે છે તેવો તો કોઈને આવડશે નહિ. જોગી મહારાજ વ્યવહાર અને મોક્ષ બંને સાચવશે. ૧૨૮
૧૭. આ જોગી મહારાજ અમારી જેમ સૌની ખબર રાખશે - ખેંગારજીભાઈને. ૧૨૯
૧૮. સત્સંગના મોટેરા યોગીજી મહારાજ છે. - આ જેવા તો આ એક જ છે... અમારો રાજીપો છે. - પ્રમુખસ્વામી મહારાજને. ૧૨૯-૧૩૦
૧૯. આ જોગી ગઢડાના મહંત. તે આ ગઢડાનું મંદિર પૂરું કરશે. - કુબેરભાઈને. ૧૩૦
૨૦. આ જોગી તો અનંતકોટિ બ્રહ્માંડનો વ્યવહાર ચલાવે એવા છે - બબુભાઈ કોઠારીને. ૧૩૦
૨૧. 'હું તે જોગી ને જોગી તે હું' - અટલાદરામાં કથાપ્રસંગે. ૧૩૦-૧૩૧
૨૨. ભાગવતમાં વ્યાસજીએ લખેલા સંતના લક્ષણો કરતાં યોગીજી મહારાજમાં વિશેષ લક્ષણો - રઢુના તુલસીભાઈને. ૧૩૧
૨૩. એ તો અનાદિના જોગી છે. ... બીજો જોગી ક્યાંથી ઉત્પન્ન કરું ? ૧૩૧
૨૪. આ જોગી જેવા સાધુ આખા બ્રહ્માંડમાં નથી - મથુરભાઈ તથા બીજા ભક્તોને. ૧૩૧
૨૫. ગઢડાની આરતી જોગી ઉતારશે. ૧૩૨

**પ્ર.૧૧. નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર પ્રસંગો લખો.**
**(દરેકમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા) (કુલ ગુણ : ૬)**

**૧. મહિમામૂર્તિ યોગીજી મહારાજ**

૧. 'વાસણ ઘસવાથી પ્રાપ્તિ થઈ છે.' સહુ તેમનામાં ખેંચાતા તેનો આવો ઉત્તર યોગીજી મહારાજ આપતા. ૮૧
૨. ઈષ્ટદેવ અને સદ્‌ગુરુઓના, સંતો હરિભક્તો દ્વારા થયેલ ઉજ્જવળ સેવાના દષ્ટાંતો આપતા. પર્વતભાઈએ ગોલા થઈને કરેલી સેવા - ગુણાતીતાનંદ સ્વામી ચોક વાળતા તે પ્રસંગો મહિમા પૂર્વક કહે. ૮૨
૩. સારંગપુરમાં આવેલ ૭૫ હરિભક્તો માટે થાક છતાં રસોઈ બનાવી કરેલી ટાણાની સેવા. ૮૩-૮૪
૪. બાથરૂમમાં પડેલ(યુવકોનાં) કપડાં ધોઈ નાંખ્યા. ૮૫
૫. હરિભક્તો પ્રત્યે મહિમાની દ્રષ્ટિ બબુભાઈનું ધોતિયું ધોઈ નાખ્યું. ૮૫
૬. ઠાકોરજીના થાળની સેવા ક્યાંથી - માતમ સ્વામીએ દયા કરી સેવા આપી. ૮૬

૭. સેવા ભાવનાની ઝંખના - સ્વપ્નો પણ સેવાના જ આવે - સેવા તો ઘણાંથી થાય પણ મહિમાની દૃષ્ટિ - યોગીજી મહારાજ જેવી સેવા થાય તો સોનામાં સુગંધ ભળે. ૮૮-૮૯

૮. એક જ દિવસ અને રાતમાં ભગતજી મહારાજના જીવનચરિત્રનું પારાયણ ઘનશ્યામ ભગતે કર્યું. - યોગીજી મહારાજના ઘનશ્યામ ભગતને દંડવત્. ૧૦૯

૯. છપૈયા દર્શન પ્રસાદીના સ્થાનોનો મહિમા. ૨૧૪

**૨. રવિસભા - સત્સંગપત્રિકાના પ્રવર્તક**

૧. રવિવારીય સત્સંગ સભાની સ્થાપના અને પ્રચાર. ૧૮૦

૨. હકાબાપુ દ્વારા 'સત્સંગ પ્રચાર મંડળ'નું આયોજન. ૧૮૦

૩. ગામોગામ સત્સંગ મંડળોની સ્થાપના માટે પ્રેરણા. ૧૮૧

૪. સુરત સ્ટેશન પર હરિકૃષ્ણ મગનભાઈને પ્રેરણા - થાંભલા સાથે કથા કરીને પણ રવિ સભા કરવી. ૧૮૨

૫. દોણજાના મગનભાઈને કહ્યું, 'હમણાં સત્સંગ નથી પણ આગળ જતાં ઝાડ થશે.' ૧૮૨

૬. તા. ૨૧-૪-૬૬ની રાત્રે ઈશ્વરચરણ સ્વામીને સંકલ્પ કરવા આજ્ઞા 'દસ વરસ સત્સંગમાં ફરીએ અને એક લાખ સત્સંગી વધારી દઈએ.' ૧૮૨

૭. તા. ૧૭-૭-૫૩ના સ્વામિનારાયણ અંકમાં ગુણાતીત મંડળને રવિવારે ભેગા થઈ બ્રહ્મનિરૂપણ કરવાની આજ્ઞા, રવિસભાના આજ્ઞાપત્રો. ૧૮૩

૮. તા. ૫-૮-૫૩ના 'સ્વામિનારાયણ પ્રકાશ'માં યોગીરાજનો વટહુકમ નં. ૧. ૧૮૩

૯. રૂા. ૨૫,૦૦૦ નો નફો છોડીને પણ રવિસભામાં આવવું. - ૫-૧૨-૧૯૫૬થી સાઈક્લો સ્ટાઈલ કરેલી. 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' મુંબઈથી મોકલવાનું શરૂ કર્યું. ૧૮૩

**૩. જૂનાગઢમાં ઝીણાભગત**

૧. 'સ્વામિનારાયણના સંતોએ સેવા કરવી એ જ એમનો જીવનમંત્ર છે.' કૃષ્ણચરણદાસ સ્વામીનો ઉપદેશ ઝીણા ભગતના લોહીનો લય બન્યો. ૧૮

૨. જૂનાગઢ મંદિરની તમામ સેવામાં ઝીણા ભગત. ૧૯

૩. પોષ મહિનામાં કડકડતી ઠંડીમાં માટલાના પાણીથી સ્નાન. ૧૯

૪. ભક્ત ચિંતામણીના પ્રકરણો, કીર્તનો કંઠસ્થ. ૧૯

૫. ગોંડલમાં 'અક્ષરદેરી'ની સેવામાં ઝીણા ભગત. ૨૦

૬. વૃદ્ધ સાધુ ધર્મજીવનદાસની સેવામાં. ૨૦

૭. બાલમુકુંદદાસ સ્વામી તથા વૃદ્ધ સંત માધવપ્રિયદાસની સેવામાં. ૨૦

૮. ગુણાતીતાનંદ સ્વામીના મળેલા સંતો - હરિભક્તોના દર્શન માટે વ્યાકુળ ઝીણા ભગત. ૨૧

૯. કૃષ્ણજી અદા પાસેથી જાગા ભક્તનો મહિમા. ૨૨

૧૦. જાગા ભક્તે પૂરો કરેલો સંકલ્પ. ૨૨

૧૧. શાસ્ત્રીજી મહારાજ સાથે પ્રથમ મેળાપ. ૨૩

૧૨. કલાઈનો પ્રસંગ. ૨૬

**૪. યોગી મહારાજ - યુવા પ્રવૃત્તિનો ધોધ**

૧. નારાયણભાઈ પટણી, 'દોહ્યલા મળવા દાસ, ભલા ભક્ત ભગવાનના. જગતની ગંધ કાઢી નાખવી છે.' ૧૬૧

૨. યુવક ખોડાભાઈને ડાંગરા આવવા આજ્ઞા. પોતાની ગાડીમાં સંકડાઈને પણ જગા કરી આપી. ૧૬૨

૩. યુવકોને પ્રેમથી રાખે, રમાડે જમાડે ઉપદેશ આપી પ્રેમપાશમાં જકડી પોતાના કરી દેતા. ૧૬૪

૪. ભાદરામાં આનંદ પર્યટનના આયોજનમાં યુવકો સાથે રોટલા ઘડવા બેસી ગયા. ૧૬૪

| | | |
|---|---|---|
| ૫. | યુવકોને પત્રો લખે. નિષ્કપટ થવા માટે પ્રેરે. ઉપવાસ આપી શુદ્ધ કરે. | ૧૬૭ |
| ૬. | ખૂબ થાકેલા છતાં વિદ્યાનગરના ૬૦ યુવકો દર્શને - તેમને મળ્યા. | ૧૬૮ |
| ૭. | અંગ્રેજીનો પાઠ : ટુમોરો ફાસ્ટ | ૧૬૯ |
| ૮. | મુંબઈ જેવા શહેરનો ત્યાગ કરીને આવનાર યુવકોને રાત્રે એકાંતમાં દંડવત્ પ્રણામ - નાનુભાઈ તથા બીજા યુવકોને સવારે ચાર વાગે જાતે પીરસીને જમાડ્યા. રસ્તામાં નાસ્તા માટે મગસ બાંધી આપ્યો. | ૧૭૦ |
| ૯. | ગઢડામાં સુવર્ણજયંતિ મહોત્સવમાં ૫૧ નવયુવાનોને ભાગવતી દીક્ષા | ૧૭૪ |

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગ વર્ણવી મનન લખો. (કુલ ગુણ : ૬)**

**નોંધ : ૨ ગુણ પ્રસંગના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યા કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.**

૧. **ઘીની તપેલી ભૂલી જવાથી યોગીજી મહારાજને પડેલો માર અને દરબારને સત્સંગ (૮/૪૬-૪૭)** **પ્રસંગ :** ધંધૂકા નજીકના ગામડામાં વિચરણ - દરબાર નાસ્તિક - પત્નીની વિનવણીથી સીધું મોકલ્યું - દરબાર ઘી લઈ જવાનું ભૂલી ગયા. - ઘી વિનાની રોટલી - બાવાઓ ઘી ખાઈ ગયા હશે - દરબારની ચડભડ - ક્રોધથી ઉશ્કેરાયેલ વિજ્ઞાનદાસ - યોગીજી મહારાજને ખૂબ અસહ્ય માર - દરબાર ઘેર ગયા - ઘીની તપેલી ઘેર જોઈ - યોગીજી મહારાજના દેહ પર પડેલ મારનાં નિશાન - દરબારનો ખૂબ પસ્તાવો. **મનન :** પોતાનો વાંક ન હોવા છતાં સજા ભોગવતા. તેમના આવા સ્વભાવને કારણે વ્યક્તિને સાચી હકીકતની જાણ થાય ત્યારે તેમના જીવનનું પરિવર્તન થઈ જતું. ખમવું તેમને માટે સહજ સ્વભાવિક હતું.

૨. **બટાટા રાખથી ઉટકાવ્યા. (૧૨/૧૦૩) પ્રસંગ :** યુવકો ગાળ્યા વિના પાણીથી બટાકા ધોતા હતા - યોગીજી મહારાજની દૃષ્ટિ પડી - ગાળેલા પાણીથી જ શાક ધોવાય - રાખથી બટાટા ઉટકી નાખવાની આજ્ઞા - હું ધોવા આવીશ - મારા માટે રાખજો - નિયમ લોપની શિક્ષાનો સહર્ષ સ્વીકાર - બે મણ બટાટા ઉટક્યા - નિયમધર્મના દૃઢ આગ્રહી. **મનન :** મહારાજની નાનામાં નાની આજ્ઞા પણ સારધાર પાળતાં હતાં. બીજા પાસે પણ એટલો જ આગ્રહ રાખતાં.

૩. **નૈરોબીથી નીકળતાં પ્લેનમાંથી મહિલાઓને નીચે ઉતાર્યા (૯૪-૯૫) પ્રસંગ :** તા.૧૭-૧-૬૦ના રોજ યોગીજી મહારાજ પ્લેનમાં નૈરોબીથી નીકળવાના હતા. પ્લેન ઉપડવાની તૈયારીમાં હતું. સ્વામીશ્રીને બેસવા માટે બોલાવ્યા. સ્વામીશ્રી માટે બેસવાની અલગ વ્યવસ્થા હતી. પ્લેનની નજીક પહોંચતા સ્વામીશ્રીએ પૂછ્યું : 'બીજાં ક્યાં ?' ઈશ્વરચરણ સ્વામીએ 'બીજાં મુસાફરો બેસી ગયા છે. આપણે જ બાકી છીએ.' સ્વામીશ્રીએ સી.ટી. પટેલ તથા બીજા હરિભક્તોને બોલાવી કહ્યું : 'બધાં બૈરાં બેઠા હોય અને આપણે તેમને અડીને જવું પડે. તે બને જ નહિ. 'બધાં બેઠા હોય ને અમારાથી જવાય જ નહિ. એ લોકોએ પહેલાં આપણને બેસાડવા જોઈએ ને પછી બીજાને બેસાડે એમાં બાધ નહિ.' માટે આપણે આ પ્લેનમાં નથી જવું. સ્વામીશ્રી આગળ કોઈ દલીલ કરી શક્યું નહિ. પ્લેન ઊપડવાની તૈયારી કરી ચૂક્યું હતું. આખરે સૌએ કૅપ્ટનને વિનંતી કરી. સંતોનાં સ્ત્રી-પુરુષ મર્યાદાના નિયમ વિશે સમજાવ્યું. ભગવાનનો પ્રવેશ થયો હોય તેમ કૅપ્ટને માની લીધું અને મહિલા મુસાફરોને ઊતરી જવા વિનંતી રૂપે જાહેરાત કરી. મુસાફરોમાં પણ મહારાજનો પ્રવેશ થયો અને દલીલ વગર અંગ્રેજ મહિલાઓ ઊતરી ગઈ. ત્યાર પછી સ્વામીશ્રી ચડ્યા, બેઠક પર ગોઠવાયા. પડદા પડી ગયા. બાકીના મુસાફરો બેઠા. પ્લેન પંદર મિનિટ મોડું ઊપડ્યું. **મનન :** પોતાના નિયમ-ધર્મમાં ક્યાં કોઈપણ બાંધછોડ નહિ કરવાની. સ્વામીશ્રી કહેતા ધન ભલે જાય પણ ધરમ જવો ન જોઈએ. ધર્મ હશે તો તેની પાછળ બધુંય આવશે.

૪. **સત્યનિષ્ઠ ઝીણાભાઈ (૬) પ્રસંગ : (૧)** પાંચમા ધોરણમાં ભણતા ચંદુને આચાર્ય ત્રિભોવનદાસે મૂઢ માર મારતાં થોડા વખતમાં ચંદુ મરી ગયો. ચંદુનાં માબાપે અધિકારી પાસે અરજી કરી તપાસ કરાવી પણ આચાર્ય સામે કોણ આંગળી ચીંધી શકે ? સત્યધર્મના ધ્યેયથી ચલિત થયા વગર આચાર્યનો ડર રાખ્યા વગર અધિકારી સાહેબને ઝીણાભાઈએ કહ્યું : 'આચાર્ય સાહેબે ચંદુને વગર વાંકે માર્યો હતો.' પછી તો બીજા બાળકોએ પણ સાક્ષી પૂરી. અધિકારી સાહેબે તિલક-ચાંદલાવાળા આ ધર્મપ્રેમી બાળકનાં વચનો માન્ય રાખ્યાં અને આચાર્યને બરતરફ કર્યા.

ઝીણાભાઈને ઈનામ આપી તેમની સત્યનિષ્ઠાની કદર કરી. (૨) જગદીશભાઈ ભગવાનભાઈ પારેખ ભૂગોળ ભણાવતા હતા. એક પછી એક વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછવા લાગ્યા. દુલર્ભજી નામના વિદ્યાર્થીને જવાબ ન આવડ્યો. તેથી જગદીશભાઈ તેને હાથ સીધો રખાવી આંકણી મારવા લાગ્યા. આ વાતની દુલર્ભજીના કાકા પુરુષોત્તમજી સુંદરજીને જાણ થતાં તેઓ બધાને પૂછવા લાગ્યા પણ કોણ જવાબ આપે. તેઓ ઝીણા પાસે ગયા. તેમણે સાચી વાત જણાવી વાંક દુલર્ભજીનો હતો. તેને જવાબ નહોતા આવડતા ને વળી હાથ પણ પાછો ખેંચી લીધો. નગરશેઠે સ્પષ્ટ વક્તા ઝીણાભાઈની વાત માની લીધી અને શિક્ષક ઠપકામાંથી ઊગરી ગયા. **મનન :** જે સાચું હોય તે જ કહેવું. કોઈની તરફ દ્વેષભાવ રાખીને કોઈ વાતની સાક્ષી ન પૂરવી. હંમેશા તિલક-ચાંદલો પણ કરવો જોઈએ. તે આપણને સત્યના માર્ગે જ ચાલવા માટે પ્રેરિત કરે છે. લોકો પણ તેના પર વિશ્વાસ રાખી તેની વાત સાચી માને છે.

**પ્ર. ૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (સામાન્ય જ્ઞાન નિબંધ)**
**(પાંત્રીસથી ચાલીસ લીટીમાં) (કુલ ગુણ : ૧૫)**

**નોંધ : નિબંધ એ મૌલિક વિષય છે, તેમાં આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે. પરીક્ષાર્થીએ વિષયને અનુરૂપ આ ઉપરાંત પણ બીજા પ્રસંગો લખ્યા હોય તો તે પણ માન્ય રાખી ગુણ આપવાં.**

૧. **અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત - સર્વોપરી સિદ્ધાંત :** (૧) અક્ષરપુરુષોત્તમ એટલે અક્ષર અને પુરુષોત્તમ યુગલ સ્વરૂપ - અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત એટલે અક્ષરરૂપ થઈને પુરુષોત્તમનારાયણની ભક્તિ કરવી. (૨) શ્રીજીમહારાજે સ્વયં આ સિદ્ધાંત આપેલ છે. અનેક વચનામૃતોમાં, કથા પ્રસંગોમાં શ્રીજીમહારાજનો આ સિદ્ધાંત વણાયેલ છે. - શ્રીજીમહારાજ સ્વયં સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમનારાયણ એટલે તેમનો સિદ્ધાંત પણ સર્વોપરી. (વચનામૃતોનો ઉલ્લેખ કરી શકાય.) (૩) ગુણાતીતાનંદ સ્વામીએ પણ આ સર્વોપરી સિદ્ધાંત પ્રમાણે જ ભક્તિ કરવી તેવો ઉપદેશ - તેઓના ઉપદેશમાં સ્વરૂપનિષ્ઠાની વાતો, શ્રીજીમહારાજના સર્વોપરીપણાની વાતોના પડછંદા ગાજતા. આ સિદ્ધાંત મુજબ જ ભક્તિ માર્ગે સાધના કરવાનો અનુરોધ. સ્વામીની વાતોના પ્રમાણો આપી શકાય. (૪) બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે તો આ સિદ્ધાંતને અનુસરીને જ અક્ષરપુરુષોત્તમ સંસ્થાની સ્થાપના - પુરુષોત્તમની ભક્તિ નિર્વિઘ્ને કરવા માટે અક્ષરરૂપ થવાની આવશ્યકતા. આ સિદ્ધાંતના સ્થાપક શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ દ્વારા તેનું સંવર્ધન - વર્તમાનકાળે સ્વામીશ્રી દ્વારા દરિયાપાર આ સિદ્ધાંત અનુસાર મંદિર નિર્માણનાં કાર્યો - સંતો, હરિભક્તો દ્વારા આ સિદ્ધાંતના પ્રર્વતન માટે વિચરણ, પધરામણી, શિબિરો વગેરે. (૫) શા માટે આ સિદ્ધાંત સર્વોપરી ? વચનામૃતના આધારે, સ્વામીની વાતોના આધારે પ્રમાણભૂતતા અક્ષરરૂપ થવાથી, બ્રહ્મરૂપ થવાથી સાધકના અંતરમાં રહેલા કામ, ક્રોધાદિક દોષો ધીરે ધીરે દૂર થાય - ભક્તિમાર્ગ નિર્વિઘ્ન થાય અને દોષોથી રહિત થાય તેના માટે આત્યંતિક મુક્તિનો માર્ગ સરળ બને. (પ્રસંગો લખવા) જે જે મુમુક્ષુ જીવો આત્યંતિક મુક્તિને પામ્યા છે તે સર્વેને અક્ષરરૂપ થયા પછી જ પુરુષોત્તમની પ્રાપ્તિ થઈ છે. (પ્રસંગો લખવા) (૬) સર્વોપરી સિદ્ધાંતના પ્રર્વતન માટે ગુણાતીત ગુરુપરંપરા દ્વારા સહન કરેલાં કષ્ટો, અપમાનો. (પ્રસંગો લખવા) ભક્તિના માર્ગે વિઘ્નો આવે પરંતુ અક્ષરરૂપ થાય તે વિઘ્નોને પાર કરીને આત્યંતિક મુક્તિને પામે છે. તેથી સર્વોપરી પ્રાપ્તિ માટે મુમુક્ષુ કષ્ટો સહન કરીને પણ તે માર્ગે આગળ વધે છે. (૭) આત્યંતિક કલ્યાણ અક્ષરરૂપ થઈને પુરુષોત્તમ નારાયણની ભક્તિ કરવાથી જ થાય છે. તેથી આત્યંતિક મુક્તિ માટે આવા સર્વોપરી સિદ્ધાંતની આવશ્યકતા. - ઉપસંહાર.

૨. **અજાતશત્રુ - પ્રમુખસ્વામી મહારાજ :** (૧) અજાતશત્રુનો અર્થ 'જેને કોઈ શત્રુ જ નથી તેવી વ્યક્તિ અજાતશત્રુ.' (૨) શત્રુઓ પણ ઘણી પ્રકારના - જ્ઞાતિના, સમાજમાં, કુટુંબમાં પણ શત્રુઓ હોય - પોતાના સ્વભાવો પણ શત્રુ બનીને આવે. (૩) શ્રીજીમહારાજથી માંડીને સ્વામીશ્રીને, તેમજ ભક્તિ માર્ગે વિચરણ કરનારને શત્રુઓ તો નડવાનાં જ - (આ તમામને જે શત્રુઓનો સામનો કરવો પડ્યો તેનો ઉલ્લેખ કરી શકાય, પ્રસંગો લખી શકાય) સ્વામીશ્રીને પણ અનેક દ્વેષી લોકોનો સામનો કરવો પડ્યો છે. (પ્રસંગો) (૪) બી.એ.પી.એસ. સંસ્થા જેમ

વિકાસને માર્ગે ઝડપથી આગળ વધે છે તેમ શત્રુઓ પણ જાણે મેદાનમાં સંસ્થા સામે, સત્પુરુષ સામે આવી જાય છે. સ્વામીશ્રીનાં શુભ કાર્યોમાં પણ અનેક વિઘ્ન સંતોષી લોકો દ્વારા વિઘ્નો નાખવાના પ્રયાસો - સ્વામીશ્રીના મંદિરો બાંધવાના કાર્યનો વિરોધ, સ્વામીશ્રી અનેક યુવાનોને સાધુ બનાવે તેનો પણ વિરોધ. (પ્રસંગો) પરંતુ આ બધા વિરોધો વચ્ચે સ્વામીશ્રી અડીખમ. (૫) ક્યારેક સરકારી કાર્યકરો દ્વારા સ્વામીશ્રીના કાર્યમાં પ્રતિકૂળતા પણ થાય. આંતકવાદી પરિબળો તેમજ અન્ય પરિબળો દ્વારા પણ સંસ્થાના કાર્યોને, સ્વામીશ્રીનાં કાર્યોને અટકાવવાના પ્રયાસો. (પ્રસંગો લખવા) (૬) આ બધા વિઘ્નકારી પરિબળો સામે પણ સ્વામીશ્રી લેશમાત્ર અણગમો બતાવતા નથી. (પ્રસંગો) પરંતુ સત્સંગમાં જ રહીને અનેક વ્યક્તિઓ દ્વારા સંસ્થાને, સત્પુરુષને નુકસાન પહોંચાડવાની કાર્યવાહી - આ બધા સામે પણ સ્વામીશ્રીનું મૌન, સ્વામીશ્રીની સહનશીલતા, શાંતિથી સૌને સમજાવવાના પ્રયાસો દાદ માંગી લે છે. (૭) સ્વામીશ્રીએ અનેક વિઘ્નસંતોષીઓને ઉદારતાપૂર્વક માફી આપી છે - ઝેર આપનારને પણ જિંદગીના અંત સુધી સેવા કરી છે તેમજ જેલભેગા કરવાની કાર્યવાહી કરનારને પણ સ્વામીશ્રીએ જમાડીને મોકલ્યા છે. જેણે પણ સ્વામીશ્રીની સામે બાંયો ચડાવી છે, ઝઘડા કર્યા છે, અપમાન કર્યા છે તે સર્વેને માફ તો કર્યા જ છે પણ તેમના પ્રત્યે લેશમાત્ર કટુતા બતાવ્યા વગર તેમને જમાડીને મોકલ્યા છે. (પ્રસંગો લખવા.) (૮) કદાચ કોઈ મહાન વ્યક્તિ હોય તે શત્રુને માફ તો કરી દે પણ પોતાની ક્ષમાભાવનાનો અહંકાર તો બતાવે જ પરંતુ સ્વામીશ્રી આ બાબતમાં સૌથી અજોડ છે. તેઓ કોઈને શત્રુ જ ગણતા નથી. તેથી તેઓ અજાતશત્રુ છે. માફી આપવી પરંતુ તે માફીને, ક્ષમાને ભૂલી જવી તે તો અદકેરું કાર્ય છે અને જમાડીને મોકલવા, સેવા કરવી તે તો અજાતશત્રુતાની પરાકાષ્ઠા છે. તેથી જ ઉદારતાપૂર્વક ક્ષમા બક્ષનાર સ્વામીશ્રી તો વિરલ, અજોડ પુરુષ છે. - ઉપસંહાર.

૩. **નિત્યપૂજા : પરમાત્મા સાથે મુલાકાત :** (૧) પરમાત્માની, આપણા ઈષ્ટદેવની નિયમિતપણે પ્રતિદિન થતી પૂજા એટલે નિત્યપૂજા. પૂજા એટલે પ્રભુનું સામીપ્ય. પૂજા એટલે શ્રદ્ધા, સન્માન અને વિનયનો ભાવ પ્રગટ કરનારું, સમર્પણનો ભાવ પ્રગટ કરતું કાર્ય - આભાર વ્યક્ત કરતી વર્તણૂક - ગરીબ, તવંગર, અભણ, ભણેલા સૌ કોઈ આસ્તિક કે નાસ્તિક હોય પણ (ભગવાનની) પૂજા કરે છે. કોઈ જીવંત વ્યક્તિની, વૃક્ષની કે નિર્જીવ પદાર્થની ગમે તે પ્રકારે પૂજા કરે છે. (૨) આપણને ડૂબતા બચાવનાર વ્યક્તિને આભારવશ થઈને આદર આપીએ છીએ. પરંતુ સહજભાવે તે ઉપકારનું વિસ્મરણ - ઉપકારને યાદ રાખવો જોઈએ અને અપકારને ભૂલવો જોઈએ. ઉપકારને યાદ રાખવાથી નમ્રતા - ઉપકાર કરવાની પ્રેરણા - ઉપકારી વ્યક્તિના સદ્ગુણોમાંથી પ્રેરણા - પરમાત્માના તો આપણા પર અગણિત ઉપકારો - સાચો આદર્શ બતાવીને તે માર્ગે ચાલવાનું બળ પુરું પાડનાર ગુરુના પણ અનંત ઉપકારો - તેથી પરમાત્મા તથા ગુરુના ઉપકારોને વારંવાર યાદ રાખવા પડે છે. તે માટે જ ઈષ્ટદેવ તથા ગુરુની ચિત્રપ્રતિમાની નિત્યપૂજા કરવાની આવશ્યકતા, ભગવાનનો નિત્ય મેળાપ થાય છે. - કદાચ નિત્યપૂજામાં યાંત્રિકતા આવી જાય પરંતુ કોડિયું, દિવેલ અને વાટ હશે તો ક્યારેક જ્યોત પ્રગટશે પણ આપણે કોડિયું જ તોડી નાખીએ તો જ્યોત પ્રગટે ખરી ? માટે જ શ્રદ્ધાપૂર્વક નિત્યપૂજા આવશ્યક. (૩) નિત્યપૂજા પ્રાતઃકાળે જ શા માટે ? પ્રાતઃકાળે આપણી આંખો ખુલતાં જ જીવનમાં એક નવો દિવસ સામે આવે છે. જીવનનું એક નવું કોરું પાનું ખૂલે છે. તેનો આરંભ શુભ હોય, માંગલિક સુખમય હોય તેવી ઇચ્છાથી નિત્યપૂજા પ્રાતઃકાળે કરવી આવશ્યક - સવારે રાવણને યાદ કરીએ તો કોઈકનું પડાવી લેવાની વૃત્તિ, ઈર્ષ્યા, રાગ-દ્વેષ જેવા દુર્ગુણો ઉદય થાય - પરંતુ ભગવાન અને સંતને યાદ કરવાથી અંતરમાં દયા, પ્રેમ, ભક્તિ, કરુણા, ક્ષમા, ઉદારતા વગેરે શુભ ગુણોથી હૈયું તરબોળ - અંતરમાં શાંતિ - વળી શાસ્ત્રોમાં પણ બ્રાહ્મમુર્હૂતનો મહિમા - આળસ છોડી પ્રભુસ્મરણ કરવાની ચેતવણી. બ્રાહ્મે મૂર્હુતે યા નિદ્રા સા પુણ્યક્ષયકારિણી (મનુસ્મૃતિ-૮-૧૨) બ્રાહ્મમૂર્હુતની નિદ્રા આપણા પુણ્યનો નાશ કરનારી છે. બ્રાહ્મમૂર્હુતમાં પૂજાથી દિવસનો મંગળ પ્રારંભ - મન-સંકલ્પ-વિકલ્પથી રહિત - તેથી સહજ એકાગ્રતા - મંત્રજાપ વગેરે તમામ વિધિ સારી રીતે સંપન્ન - આ રીતે શાંત થયેલ મનથી દિવસભરનાં તમામ કાર્યોમાં યોગ્ય નિર્ણય લઈ શકાય છે. તેથી મનની શાંતિ માટે પ્રાતઃ પૂજા. (૪) નિત્યપૂજા વ્યક્તિગત શા માટે ? બાળકો અથવા વડીલો વતી માતા અથવા ધર્મપત્ની પૂજા કરી લે તે ન ચાલે. ભૂખ-તરસ આપણને લાગે અને બીજા જમે, પાણી પીએ તો ચાલે ? આપણા બદલે બીજા ઊંઘી લે, ભણી લે તો ચાલે ? આપણી બધી ક્રિયાઓ વ્યક્તિગત તો નિત્યપૂજા પણ વ્યક્તિગત - આપણે જાતે પૂજા કરવાથી જ આપણને લાભ થાય - આપણા ઘડતર માટે જ વ્યક્તિગત પૂજા - વ્યક્તિગત પૂજા એટલે ભગવાન સાથેની અંગત મુલાકાત. (૫) નિત્યપૂજામાં કોની કોની મૂર્તિઓ રાખી શકાય ?

આ અનંત વિશ્વના સર્જક, પોષક, ધારક અને રક્ષક પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ એક જ - તેમની પ્રેરણાથી જ અનેક અવતારો - તેથી હાથીના પગલામાં સર્વ પગલાંની જેમ તમામ દેવો, અવતારો ભગવાન સ્વામિનારાયણમાં આવી જાય. તેથી સર્વોપરી ભગવાન સ્વામિનારાયણ આપણા ઈષ્ટદેવ, તેમના આદર્શ ભક્ત ગુણાતીતાનંદ સ્વામી અને ગુરુપરંપરાની મૂર્તિઓ જ રાખી શકાય. (૬) નિત્યપૂજાનાં સોપાન : પૂર્વ કે ઉત્તરાભિમુખ જ શા માટે બેસવું? - સૂર્યનું પૂર્વ દિશામાં પ્રાગટ્ય - તેથી પૂર્વ દિશા આગળ વધવાની દિશા - ઉત્તર દિશા સ્થિરતાની સૂચક - પ્રજ્ઞા સ્થિર કરવાનો સંકેત. (૭) તિલક-ચાંદલો શું છે ? ભક્તિ સંપ્રદાયોમાં ભક્ત માટે ભગવાન તેના સ્વામી - તેથી સ્વામીની ભગવાનની પ્રાપ્તિના હર્ષમાં ચાંદલો - પ્રભુ મળ્યા તે સૌભાગ્યના પ્રતીકરૂપ ચાંદલો - દાસત્વભાવનું પ્રતીક - તિલક-ચાંદલો એટલે ભગવાનના ચરણમાં ભક્ત પોતાનું મસ્તક મૂકે છે. - પ્રભુના ચરણોમાં સર્મપણનું પ્રતીક - નમ્રતા આવે - આજ્ઞાઓ પાળવાનું અનુસંધાન - ભૂલ ન થાય તેનું અનુસંધાન - કપાળમાં, બે ભૂજા પર અને હૃદય પર તિલક-ચાંદલો - જવાબદારીનું જાણપણું રાખવા માટે તિલક-ચાંદલો. (૮) માનસી પૂજા એટલે શું? તિલક-ચાંદલા પછીનું પ્રથમ સોપાન એટલે માનસી પૂજા - ઉપચાર - દ્રવ્યો ન હોય, પ્રભુની મૂર્તિ પણ ન હોય પરંતુ મનથી કલ્પિત પદાર્થો વડે મનોમયી મૂર્તિની પૂજા એટલે માનસી પૂજા. શુદ્ધ ભાવે ગદ્‌ગદ્‌ કંઠે અતિ પ્રેમે કરીને પ્રત્યક્ષ અથવા માનસી પૂજાનું સરખું ફળ. (વચ.સા.૩) ગ.અં.૨૩માં માનસી પૂજાનું સુંદર માર્ગદર્શન. સ્વામિનારાયણ સંપ્રદાયમાં પાંચ સમયની માનસી પૂજા - માનસી પૂજાનો લાભ - આપણે ભક્તિભાવ પૂર્વક આપણી પરિસ્થિતિ સારી ન હોય તો પણ ભાવપૂર્વક સારાં પકવાનો જમાડી શકીએ. સારાં વસ્ત્રો-અલંકારો પહેરાવી શકીએ તે લાભ. (૯) મંત્ર એટલે શું ? મંત્રજાપ શા માટે ? નિત્યપૂજાનું મુખ્ય અંગ સ્વામિનારાયણ મંત્રનો જાપ. ભગવાનના મહિમાના વિચારથી અંતરમાં પ્રભુપ્રેમનું પ્રાગટ્ય - મહિમાનું - મંત્રનું પુનરુચ્ચારણ એ જ જાપ. વારંવાર એનું સ્મરણ કરવાથી મહિમાની દૃઢતા - મંત્ર એ ભગવાનનું સ્વરૂપ. (૧૦) ‘સ્વામિનારાયણ’ મંત્ર કેવી રીતે ગણાય છે? ‘સ્વામિનારાયણ’ શબ્દ ભગવાનનું નામ છે અને એ પવિત્ર નામમાં એક સિદ્ધાંત સમાવિષ્ટ - ભગવાન સ્વામિનારાયણે સ્વંય આ નામે મંત્ર આપીને સિદ્ધાંતની પુષ્ટિ. ‘સ્વામી અને નારાયણ’ મંત્રજાપમાં આ બે શબ્દોનો સમાવેશ. સ્વામીરૂપ કહેતાં અક્ષરરૂપ, બ્રહ્મરૂપ થઈને નારાયણ એટલે કે પુરુષોત્તમને પામવા એ ઉપાસનાનો સિદ્ધાંતની સ્પષ્ટતા - સ્વામીએ સહિત નારાયણ એ આ મંત્રનો અર્થ. (૧૧) મંત્ર કેવી રીતે જપવો જોઈએ ? મનની સ્થિરતા, એકાગ્રતા એ મંત્રજાપનું મહત્ત્વનું અંગ - કેવળ પોતાના કલ્યાણ માટે, ભગવાનની પ્રસન્નતા માટે મંત્રજાપ - શાંત એકાંત સ્થળે અને પવિત્ર આસન પર બેસીને મંત્રજાપ કરવો. મંત્રજાપ કરવાથી ભગવાન ભક્તના શુભ સંકલ્પો પૂર્ણ કરે છે. ‘સ્વામિનારાયણ’ મંત્રના પ્રતાપે કાળા નાગનું ઝેર પણ ઊતરી જાય છે. યોગીજી મહારાજનો પ્રસંગ. (૧૨) માળા એટલે શું ? વ્યાવહારિક કાર્યોમાં વ્યસ્ત મનુષ્ય, ગળાડૂબ પ્રવૃત્તિ અથવા આળસને લીધે પરમાત્માનું વિસ્મરણ - આવા મનુષ્યને સંતો દ્વારા દિવસમાં એકવાર પણ નામસ્મરણ કરવાની પ્રેરણા - પછી આગળ વધતાં પાંચ વખત, અગિયાર વખત, જાપ ગણની આવશ્યકતા - તેના માટે માળા અસ્તિત્ત્વમાં આવી - માળામાં ૧૦૮ મણકા - શ્વાસની સંખ્યા મુજબ માળાના મણકાની સંખ્યા - ૧૦૮ મણકાની એક માળા ફેરવવાથી શ્વાસોશ્વાસે ભજન કર્યું ગણાય. (૧૩) જમણા હાથની મધ્ય આંગળી પર, પહેલી આંગળીનો સ્પર્શ ન થાય તે રીતે માળા રાખીને અંગૂઠા વડે માળા ફેરવવી. પહેલી આંગળી તર્જની - તર્જની એટલે તિરસ્કાર, નિંદા કરવી. તર્જનીથી આ બધી ક્રિયા થતી હોય છે. તેથી મંત્રજાપમાં મલિન વિચારોના ત્યાગના નિર્દેશ અર્થે પહેલી આંગળીનો સ્પર્શ વર્જ્ય. સુમેરુને ઓળંગ્યા વિના ઉલટાવીને માળા ફેરવવી. (૧૪) સુમેરુને શા માટે ઉલ્લંઘાય નહીં ? સુમેરુ સ્થિર - તેની આજુબાજુ નક્ષત્રોની ગતિ પૂર્વથી પશ્ચિમ પ્રતિ - ઉત્તર ધ્રુવના સ્થાને આવેલ સુમેરુ પર્વતને કોઈ ઓળંગી શકતું નથી. - સુમેરુની મર્યાદાની જાળવણી માટે સુમેરુનો સ્પર્શ કરીને માળા ઉલ્ટાવાય છે. સુમેરુ ભગવાનનું સ્વરૂપ તેથી તેનું ઉલ્લઘંન વર્જ્ય. (૧૫) તપની માળા એ શું છે ? તેનો હેતુ શો છે? તપ એટલે શરીર અને ઈન્દ્રિયોનું દમન. તપ અગત્યનું પાસું. દરેક ક્ષેત્રમાં સિદ્ધિની પ્રાપ્તિ માટે તપ જરૂરી. પરમાત્માની પ્રાપ્તિ માટે, રાજીપા માટે તપ. એક પગે તપ કરતા ધ્રુવજીને દર્શન આપવા ભગવાન દોડી આવ્યા - ધ્રુવજીની અડગ મુદ્રામાં ફેરવવામાં આવતી માળાને તપની માળા. નીલકંઠવર્ણી દ્વારા પણ આવી શારીરિક મુદ્રામાં કઠિન તપ - નીલકંઠવર્ણીની સ્મૃતિ માટે તપની માળા. (૧૬) પ્રદક્ષિણા શું છે ? તે શા માટે ? પ્રદક્ષિણા પૂજાવિધિનું મહત્ત્વનું અંગ - સમગ્ર વિશ્વનું આપણા, જીવનનું કેન્દ્રબિંદુ સર્વોપરી ભગવાન સ્વામિનારાયણ - તેમનો આદર, તેમના મેળાપનો હર્ષ વ્યક્ત કરવા પરમાત્માને જ કેન્દ્રમાં રાખી મંત્રજાપ સાથે ઘૂમીએ તે જ

પ્રદક્ષિણા. જમણો હાથ અંદર રાખીને પ્રદક્ષિણા કરવામાં આવે છે. દરેક કાર્યના કેન્દ્રમાં ભગવાન - તેથી વિઘ્ન ન આવે. પાંડવોએ દરેક પ્રસંગે શ્રીકૃષ્ણ ભગવાનને કેન્દ્રમાં રાખ્યા પણ જુગાર રમતી વખતે સલાહ ન લીધી તો પરિણામ વિપરીત - પ્રત્યેક ક્ષણે આપણે પણ ભગવાનને કેન્દ્રમાં રાખવા માટેની પ્રાર્થના - પ્રદક્ષિણા કરવી. (૧૭) દંડવત્ પ્રણામ એટલે શું ? શા માટે ? દાસભાવ પ્રગટ કરવા માટે ભક્ત ભગવાનને દંડવત્ કરે છે. નિત્યપૂજા બાદ દંડવત્ કરવામાં આવે છે. દંડ એટલે લાકડીની જેમ પૃથ્વી પર શરીર પાથરી દેવું તે જ દંડવત્ પ્રણામ. ૬ સ્થૂળ અંગો અને બે સૂક્ષ્મ અંગો (લલાટ, મસ્તક, આંખ, હાથ, વક્ષઃસ્થળ(છાતી) પગ, ઘૂંટણ(જંઘા), વાણી અને મન) સહિત કુલ આઠ અંગે પ્રણામ એટલે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ. સ્ત્રીઓ માટે પંચાંગ પ્રણામ દંડવત્ પ્રણામ. સ્ત્રીઓ માટે પંચાંગ પ્રણામ - દંડવત્ પ્રણામથી નમ્રતા - માન ન આવે તેથી ક્રોધ ન ઊપજે - દુર્ગુણોથી બચી જવાય. માનસિક શાંતિ - તેથી શારીરિક લાભ. (૧૮) પ્રાર્થના એટલે શું ? દંડવત્ પ્રણામ પછીનું નિત્યપૂજાનું અંગ છે પ્રાર્થના. અંતરના ઊંડાણમાંથી ઉત્પન્ન થતો પરમાત્મા સાથેનો નીરવ સંવાદ એટલે પ્રાર્થના. ભાવાત્મક વાર્તાલાપ - પ્રભુ પ્રત્યે પ્રેમનો સ્વીકાર - સંપૂર્ણ સમર્પણ ભાવ - દાસત્વભાવ. એક ગજેન્દ્ર પશુ પણ પ્રાર્થના દ્વારા ભગવાન સાથે જોડાણ સાધી શકે છે. મહેળાવમાં યોગીજી મહારાજની શાસ્ત્રીજી મહારાજને પ્રાર્થના - સારંગપુરમાં બાઈ હરિભક્તોએ પુષ્પદોલોત્સવ પ્રસંગે માગણીરૂપે કરેલ પ્રાર્થના. (ભક્તચિંતામણી પ્ર.૬૪) તેમજ કેવી પ્રાર્થના કરવી તે વચનામૃતમાં શ્રીજીમહારાજ જણાવે છે. કામ, ક્રોધ, દૂષણોથી રક્ષા, કુસંગ થકી રક્ષા(વચ.પ્ર.૪૮) અહં મમત્વરૂપ માયા થકી રક્ષા... (વચ.ગ.અં.૩૯) (૧૯) પ્રાર્થનાથી લાભ શા ? પરમાત્મા પ્રત્યે પ્રેમની દૃઢતા - શુભ ભાવનાઓ અંતરમાં ઘૂંટાય છે. અંતરમાં શાંતિ - રોગોનો નાશ થાય છે. આંતરિક દોષોનું નિવારણ. વ્યક્તિગત લાભ - સામાજિક તથા વૈશ્વિક લાભ. વિશ્વશાંતિના બીજ વવાય. (૨૦) શિક્ષાપત્રીનું વાંચન : શિક્ષાપત્રી આપણા જીવનની નિયમાવલિ - પોતાના આશ્રિત જનો માટે શ્રીજીમહારાજની આજ્ઞા - શિક્ષાપત્રીનું વાંચન - વાંચતા ન આવડે તો બીજા પાસે સાંભળવી - કોઈ સંભળાવનાર ન હોય તો પૂજા કરવી. (વચ.ગ.અં.૧, શિક્ષાપત્રી-૨૦૮) શિક્ષાપત્રી એ ધર્મગ્રંથ - ધર્મ એ આચરણની વસ્તુ - પણ આચરણ એ કપરું ચઢાણ - લપસવાની શક્યતા - તેથી જ પ્રતિદિન વાંચન, શ્રવણ-મનન કરવાથી આચરણની યથાર્થ દૃઢતા - નિયમ-પાલનનું જાણપણું-દુર્ગુણો ટળે - ભક્તિમાર્ગમાં પ્રગતિ - બળ મળે - અંતરમાં શાંતિ. (૨૧) બાહ્યોપચારની શી જરૂર ? પૂજા-તિલક-ચાંદલો, પ્રદક્ષિણા, માળા વગેરેમાં ભાવના જ પ્રધાન હોય તો બાહ્યોપચારની શી જરૂર ? એવી દલીલ થાય છે. - સાધકના જીવનમાં જ્યાં સુધી ભાવનાની સંપૂર્ણ જાગૃતિ ન થઈ હોય ત્યાં સુધી ભાવના જગાવવા માટે ક્રિયાના માધ્યમની આવશ્યકતા - સિદ્ધ દશાને પામતો સાધક પણ બાહ્ય ક્રિયાઓને ક્યારેય પણ છોડી દેતો નથી. કારણ કે મન અતિ ચંચળ - તેનો વિશ્વાસ ક્યારેય ન કરવો એમ શાસ્ત્રોનો મત - ઋષિઓના દૃષ્ટાંતો - સિદ્ધપુરુષોનું, શ્રેષ્ઠ મનુષ્યનું આચરણ અન્ય માટે અનુકરણીય - તેથી સિદ્ધપુરુષ બાહ્યોપચાર કરે તો શિષ્યો પણ નિત્યપૂજા કરે જ. - તેને છોડી દેવાનો વિચાર પણ ન આવે - તેથી ભાવનાઓની જાગૃતિ તેની સ્થિરતા અને સાતત્ય માટે નિયમોની જરૂર - સિદ્ધ પુરુષોએ અન્યો માટે આદર્શની સ્થાપના માટે નિયમો પાળવાની આવશ્યકતા. (૨૨) ઘરમંદિરમાં નિત્યપૂજા કરી લઈએ તો? ઘરમંદિર તે આપણા આહ્નિકનું અગત્યનું અંગ - નિત્યપૂજાથી ઘરમંદિરની ખોટ ન પૂરાય અને ઘરમંદિર નિત્યપૂજાની ગરજ સારતું નથી. - ઘરમંદિરમાં ઘરની સામૂહિક સાધના - ભક્તિભાવ ભળે છે. નિત્યપૂજામાં ભગવાન સાથે ભક્તનો સીધો સંબંધ. - વ્યક્તિગત સાધના - નિત્યપૂજા ગમે ત્યાં જઈએ તો સાથે રાખી શકાય. (૨૩) ઉપસંહાર : નિત્યપૂજા માટે સ્વામીશ્રીનાં પ્રેરણા વચન. પૂજા કાપીએ તો આપણે કપાઈ જઈએ. પૂજાને ક્યારેય કાપવી નહિ. પૂજા મૂકવી નહિ - તિલક-ચાંદલો ભપકાબંધ કરવો. પૂજા કરવાનો સમય નથી મળતો ? ખાવાનો સમય કઈ રીતે મળે છે ? જેમણે આપણને ૨૪ કલાક વાપરવા આપ્યા તેમાંથી ફક્ત પા કલાક કે અર્ધો કલાક પણ ભગવાનની પાછળ ન ગાળીએ તો આપણા જેવા કૃતઘ્ની કોણ ? આમ, આપણા જીવનને ઉર્ધ્વગામી બનાવવા તેમજ આ લોક અને પરલોકમાં સુખિયા થવા માટે નિત્યપૂજાની આવશ્યકતા.

❑ ❑ ❑